# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૧ | ૧૪-૦૪-૨૦૦૮ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

**નિખિલ પરીખ (તંત્રી)**
**જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી**
**શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)**
**નિકેશ જ. ગાંધી**
**અમીત વ. પારેખ**

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

⁕

**મંત્રી : શીરીષ પરીખ**
બ્લોસમ કાર્ડ - ૮૮-ઈ ખાડીલકર રોડ,
૪, નારાયણવાડી બિલ્ડીંગ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ટે.(ઓ.) : ૨૩૮૬ ૦૦૨૯ / ૨૩૮૨ ૫૦૨૫
(ઘર) : ૬૫૦૬ ૯૮૦૬ (મોબાઈલ) : ૯૮૬૯૧૬૩૩૦૫

⁕

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# એકલા રહેવું શું ચીજ છે?

***તંત્રી સ્થાનેથી***

*વૃધ્ધાવસ્થા માટે કો કે બહુ સરસ કહ્યું છે. વૃધ્ધાવસ્થા એટલે જુની ફાઈલોમાંથી રોકાણના સર્ટીફીકેટ શોધવાનો, પેન્શન માટે લાઈનમાં ઉભા રહેવાનો, ચશ્મા કે ચોકઠું બદલવાનો, છાપામાંથી મૃત્યુનોંધ તાવવાનો, જુના આલ્બમોમાંથી ફોટા સાથે સ્મૃતિઓ વાગોળવાનો, આરોગ્ય અંગેની પ્રશ્નોતરી ફાઈલ કરવાનો, બહારગામ કે વિદેશ વસતા સંતાનોને ફોન કર્યા કરવાનો, પ્રાર્થનાસભા કે શોકસભામાં બે મિનિટ મૌન રહેવાનો સમય.*

*વૃધ્ધાવસ્થાને જીવનની સાંજ કહી છે. એવી સાંજ જ્યાં આવેશો સમી ગયા છે. સ્વપ્નો થંભી ગયા છે, ઈન્દ્રીયોની પકડ છૂટી ગઈ છે. ઘડેલી મુર્તીઓ તુટી ગઈ છે. ઈચ્છાઓની નિરર્થકતા સમજાઈ ગઈ છે. સંબંધોમાં નિર્ભ્રાંતિ આવી ગઈ છે. વારતા કહેવાઈ ગઈ છે. ભાગમાં આવેલા પાના ઉતરાઈ ગયા છે. આંખમાં શ્વાસમાં અને જીવનમાં સાંજ ઉતરી આવી છે.*

*સાંજ એટલે દિવસ અને રાત મળે એ. વૃધ્ધાવસ્થાની સાંજ એટલે જ્યાં જીવન અને મૃત્યુ મળે એ. આ એવો સમય છે જ્યારે ધીરે ધીરે સંબંધો સંકોચાતા જાય છે. છોકરાઓ વહુઓ, દીકરીઓ પોતપોતાના જીવનમાં વ્યસ્ત થતાં દુર થતાં જાય છે. મિત્રો, પરિચિતો ધીરે ધીરે આ દુનિયામાંથી દુર થતાં જાય છે. કામમાંથી નિવૃત્તિ સાથે ઓફિસ કે વ્યવસાયના મિત્રો સાથેના સંબંધો પણ નિવૃત્ત થતા જાય છે. સ્ત્રીઓ પણ ઘરકામમાંથી નિવૃત્ત થઈ જાય છે. ઘરની પળોજણોમાંથી મુક્ત થઈને જીવનમાં એક*

શુન્યાવકાશનો અનુભવ કરતી થઈ જાય છે અને લગ્ન પહેલાંના એન્ગેજમેન્ટ સમયમાં મળેલા પ્રેમીઓને વર્ષો પછી ફરીથી એકબીજા માટે જીવવાનો સમય મળે છે. ફરીથી એ હુંફ, એ લાગણી, એ ઐક્ય પાછું સંધાય છે. ફરીથી એ પતિ પત્ની સમી સાંજે સમુદ્ર કિનારે બાંકડા ઉપર સાથે બેસીને સુર્યાસ્ત થતો નિહાળે છે. હાથમાં હાથ નાખીને બેસવાની જરૂર નથી કારણ કે હૃદયમાં સાથ, વાણી ને વર્તનમાં ઉષ્મા વર્તાય છે.

પરંતુ આવી એક સમી સાંજે જ્યારે એજ બાંકડા ઉપર એકલા બેસવાનું આવે તો ? ? ? આ 'તો' નો જવાબ શોધીશું તો દરેક એકલા પડેલા વૃધ્ધોની આંખોમાં એક સવાલ મળશે. આજે આ 'તો' નો તોડ કાઢવાની ઈચ્છા છે. એ આશા સાથે કે આપણી આંખોમાં આ 'તો' ડોકાય એ પહેલાં એનો ઉપાય શોધી શકાય.

વર્ષો સુધી સાથે રહેવાથી પતિ પત્ની બન્નેને એકબીજાની આદત પડી ગઈ હોય છે. ભલે થોડા મનભેદ હોય. સ્વભાવભેદ હોય પણ એકબીજા વગર જીવવું કેટલું મુશ્કેલ છે એનો જ્યારે એકની વિદાય થાય ત્યારે જ સમજાય છે. જીવનમાં એક શુન્યાવકાશ સર્જાય છે પણ એમ કઈ જીવન થોડું થંભી જાય છે. આ એકલતા શું ચીજ છે એતો જેણે એકલાં જીવવું પડે એને જ સમજાય. ઘરમાં કુટુંબીજનો, પરિવાર હોય કે ન પણ હોય. બીજાની પાસે એમના માટે કેટલો સમય હોય ? દીકરા પરદેશ હોય કે દીકરી સાસરે હોય, ઘરમાં સંકડાશ હોય, મિત્રો ઘડી બે ઘડી મળે ને છુટા પડે, કથા રોજ થોડી હોય છે ?, મંદીરો અને સત્સંગ પણ છુટી જાય પછી શું ? આ એ સમય છે જ્યારે સ્ત્રી કે પુરુષને હુંફની જરૂર હોય. કંપનીની જરૂર હોય. કોક સાથીની જરૂર હોય. હા આજે વાત કરવી છે એકલાં પડેલાં બે અલગ અલગ સ્ત્રી પુરુષને જોડી આપવાની, લગ્ન દ્વારા, કોન્ટ્રાકટ દ્વારા કે પછી કંપેનીયનશીપ દ્વારા એને કંઈપણ નામ આપીએ, જરૂરી છે સ્વીકાર, સમાજ દ્વારા, બાળકો દ્વારા, વહુઓ દ્વારા, કુટુંબીજનો દ્વારા જુદા જુદા પાસાઓનો વિચાર કરીએ તો સૌ પ્રથમ કયા સ્ત્રી કે પુરુષ આ નવા સંબંધો માટે યોગ્ય કહેવાય ? પુરુષ કે સ્ત્રી કૌટુંબીક જવાબદારીમાંથી મુક્ત થઈ ગયા હોય, બેમાંથી એક પાસે સ્વતંત્ર હોવાની સગવડ હોય કે પછી બાલાસિનોર જઈને રહેવાની તૈયારી હોય એવા વૃધ્ધો જ આનો વિચાર કરી શકે. કારણ કે જગ્યાની સમસ્યા મુંબઈમાં તો નડવાની જ. પુરુષ અને સ્ત્રી લગભગ સરખી ઉંમરના અને એકંદરે સ્વસ્થ હોવા જોઈએ. આર્થિક રીતે પણ સમાનતા હોવી જોઈએ નહી તો એ લગ્ન કદાચ પૈસા માટે કે શારીરીક આકર્ષણ માટે થતાં લગ્નમાં પરીણમે. બન્ને પાત્ર માનસિક રીતે તૈયાર હોવા જોઈએ. પોતાના જીવનસાથીને ભુલવું તો શક્ય નથી પણ પછી સતત નવા આવનારની સરખાણી જુના પાત્ર સાથે થયા કરે એ પણ યોગ્ય ન કહેવાય. આ સંબંધમાં ખોવાયેલા પાત્રને શોધવાનું નથી. નવા પાત્રને સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્વિકારવાનું છે. સંગાથ માટે, સહવાસ માટે અને વિશેષ તો પરસ્પર સધિયારા અને હુંફ માટે. એના બધા જ હયાત સંબંધો સહીત એનો સ્વીકાર કરવાનો છે.

આવા સંબંધોથી કેટલીક સમસ્યાઓ પણ ઉભી થઈ શકે જેવી કે મિલકત બાબત, પ્રોપર્ટી બાબત, એકબીજાના સંતાનોની જવાબદારી બાબત. પરંતુ એનો ઉકેલ કુટુંબીજનોજો સાથે મળીને શોધે તો શકય છે. ખાસ જરૂર છે આવા વૃધ્ધ યુગલોના સ્વીકારની. સમાજ દ્વારા સ્વીકાર, બાળકો, પુત્ર, પુત્રી કે વહુઓ જમાઈઓ દ્વારા સ્વીકાર. જો પોતાના સંતાનોજ આ સંબંધ સ્વીકાર ન કરી શકે તો પછી એ બાબતમાં વિચાર

જ ન કરાય પણ સંતાનોએ પણ મોટું મન રાખીને વિચાર કરવો જોઈએ. તમારા માતા કે પિતાનું સ્થાન કોઈ લઈ ન શકે પણ જે મા-બાપે તમારી બધી ગમતી બાબતો સ્વીકારી છે. તમારી વહુ કે જમાઈના સંબંધો સ્વીકાર્યા છે. એમની વૃધ્ધાવસ્થાની એકલતા દુર કરવા શું તેઓઆ નવા સંબંધને સ્વીકારી ન શકે ? સમાજનો સ્વીકાર પણ એટલો જ જરૂરી છે. હજી આપણે આ બાબતમાં સંકુચિત વિચારો ધરાવીએ છીએ. મોર્નીંગ વોક માં બે એકલાં વૃધ્ધ સ્ત્રી પુરુષ વધુ વાર સાથે દેખાય તો પણ આપણી ટીકા વૃત્તિ સતેજ બની જાય છે. કોક પુરુષ એકલી વૃધ્ધાના કામ માટે, કંઈક લાવવા મુકવા માટે ધક્કા ખાય કે મદદરૂપ થવા પ્રયત્ન કરે તો પણ વાતો થાય છે. સરખે સરખા વિચારવાળા, સરખા શોખવાળા બે એકલી પડેલી વ્યક્તિઓ હળે મળે એમાં ખોટું શું છે. સમાજે આ બધી સંકુચિતતા છોડીને એક ડગલું આગળ વધવાની જરૂર છે. આપણે જેમ યુવાનોના લગ્ન મેળાવડા યોજીએ છીએ એમ આવા વૃધ્ધો માટે પણ પરિચય મેળાવડા યોજવા જોઈએ અને સંતાનોએ પોતાના મા કે બાપને લઈને આવા મેળાવડાઓમાં જાતે આવીને એમના માટે યોગ્ય સંગાથી મેળવવામાં મદદરૂપ થવું જોઈએ. બાકી વૃધ્ધાવસ્થામાં એકલાં રહેવું, એકલાં ફરવું, એકલા માટે રાંધવુ, ઘરનાની ઉપેક્ષા સહન કરવી શું ચીજ છે એતો આપણી પર વિતે તો જ ખબર પડે. દરેક વૃધ્ધ વ્યક્તિને આની જરૂર ન પણ લાગતી હોય. કેટલાક લોકો આવી સ્વતંત્રતાને માણતા પણ હોય પરંતુ જેને જીંદગીની પાછલી અવસ્થામાં સાથીની, હુંફની, સહારાની જરૂર હોય એને આવી તક આપવામાં શું વાંધો છે ? નવા સંબંધોનો સ્વીકાર કરવામાં શું વાંધો છે ? આનો વિચાર તો સમાજ અને એ વૃધ્ધોના સંતાનો જ વધુ યોગ્ય રીતે કરી શકશે. બાકી વૃધ્ધાવસ્થામાં એકલાં રહેવું જ શું ચીજ છે એવી વાત રમેશ પારેખની કવિતા દ્વારા કરીને વિરમું છું.

**- નિખિલ પરીખ**

## કવિતા

એકલા સાંજે બગીચે બેસવું શું ચીજ છે ?<br>
બાંકડો શું ચીજ છે ? બુઢ્ઢા થવું શું ચીજ છે ?<br>
ચીજવસ્તુ થઈ ગયેલી આંખોને પુછી જુઓ<br>
સાવ ખાલીખમ સડકને તાકવું શું ચીજ છે ?<br>
કઈ તરસ છે એ કે એને આમ પાલવવી પડે ?<br>
રોજ આખે આખું છાપુ પી જવું શું ચીજ છે ?<br>
રોજ એના એક સાલા ફેંફસા વેઢારવા<br>
રોજ એનું એ જ જીવ પર આવવું શું ચીજ છે ?<br>
ગોળ ચશ્મા, ગોળ દિવસો, ગોળ ઝળહળિયા, રમેશ<br>
ગોળ રસ્તા, ગોળ જીવે હાંફવું શું ચીજ છે ?<br>
વિશ્વ સામે જીતી આખી હોડમાં મુકવી, રમેશ<br>
હોડ શું છે ? હાર શું છે ? ઝુઝવું શું ચીજ છે ?

## નમ્ર વિનંતી:

પરમ ભગવદીય આત્મિયજનો

આપણી જ્ઞાતિના આર્થિક/ શૈક્ષણિક/ મેડીકલ સહાય લેતા કે ન લેતા પરિવારોને રૂા. ૨,૦૦૦/- (અંકે રૂા. બે હજાર પૂરા)ની અનાજ સહાય આપણી સંસ્થા શ્રી બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી. (ટે.નં. ૨૩૮૮૬૧૧૮/ ૨૩૮૮૭૭૮૯) માંથી ઉપલબ્ધ થશે.

તે માટે શ્રી ભદ્રેશભાઈ પ્રવિણચંદ્ર ધારીયા (લાલખાં) નો સંપર્ક સાધી (૯૮૩૩૦૭૦૬૫૦) Authority Letter મેળવી લેવા નમ્ર વિનંતી.

જો શક્ય હશે તો ફ્રી હોમ ડીલીવરીની વ્યવસ્થા કરવામાં આવશે.

**દાસાનુદાસ - નવીનચંદ્ર રમણલાલ કચેરીયા પરિવાર**

# કારકિર્દી માટે અંગ્રેજીને અપનાવવાની છૂટ, પણ સાથે ગુજરાતી 'જનેતા'ને કદી ન વિસરીએ...

*- પંકજ કે શાહ.*

આપણે તો છેલ છબીલા ગુજરાતીઓ. દરેક વાતનું આપણને ગૌરવ. આનંદ પ્રમોદ કરાવતી પાર્ટીઓમાં સાથે હળી-મળી જલસા કરવા એ આપણો સ્વભાવ. ઘર અને સમાજના ધાર્મિક તથા સામાજિક પ્રસંગોને જોરદાર રીતે ઉજવણી કરવાનો આપણને સહુને સદા ઉમંગ.

જ્યાં જ્યાં આપણી લોકકથાઓની વાતો ચાલતી હોય, આપણા ઉચ્ચ સાહિત્યના ગુણગાન ગવાતા હોય, આપણી સંસ્કૃતિ અને આપણા કુટુંબ તથા સમાજની પ્રગતિ તથા વિકાસની વાતો થઈ રહી હોય ત્યારે આપણા સહુની છાતી ગજ ગજ ફુલે.

વિશ્વના ખૂણે-ખૂણે જ્યાં-જ્યાં વસે ગુજરાતી ત્યાં-ત્યાં ઉદ્‌ભવે ગુજરાત. આપણા તમામ તહેવારોની જોરદાર થાય ઉજવણી. આપણે ગુજરાતીઓ જ્યારે પણ ભેગા થઈએ. જ્યાં પણ એકઠા મળીએ 'જય જય ગરવી ગુજરાત' ના નારાઓથી વાતાવરણ ધમધમાવી દઈએ. ગુજરાતીઓની અમીરી, ખમીરી અને જાહોજલાલીથી સમગ્ર દિશાઓ ગાજી ઉઠે.

પડકારોનો સામનો કરવો આપણને સહુને ગમે. ગણતરીપૂર્વકનું સાહસ કરવામાં અને એ માટે જરૂરી જોખમ ઉઠાવવામાં આપણે કદી પાછી પાની ન કરીએ. સ્વભાવે આપણે શાંત, સરળ પણ સમય આવે ભડવીરતાની આપણી પ્રકૃતિ સહેજે ખીલી ઉઠે.

પથ્થરમાંથી પાણી પેદા કરવાની ક્ષમતા ધરાવતી ગુજરાતી પ્રજા સમક્ષ આજે એક પડકાર આવીને ઉભો છે. આપણી માતૃભાષા ગુજરાતી પ્રત્યે દુર્લક્ષ સેવાઈ રહયુ છે. અંગ્રેજી ભાષાના ફેલાવા સામે આપણી જનેતા કાયમ માટે ભૂલાઈ તો નહિ જાય ને! એ ડર આપણને બધાને લાગી રહ્યો છે.

બદલાતા સમયના પ્રવાહ સામે આપણે માનવીઓ હંમેશા લાચાર હોઈએ છીએ. નિયતીના લેખામાં શું લખાયુ છે તેનાથી આપણે અજાણ છીએ. પરંતુ સમયની આજે માગ છે કે આપણી બોલી, આપણી ભાષા, આપણી જનેતા લાચાર થઈ રહી હોય, નિઃસહાયતા અનુભવતી હોય, અકળામણ અને ગુંગળામણનો સામનો કરી રહી હોય ત્યારે આપણે ચુપચાપ તમાશો જોઈ શાંતીથી બેસી ન શકીએ. જો આપણે માત્ર મૂક પ્રેક્ષક બની સમયના આ તોફાનને, વકતની આ આંધીને નિહાળતા જ રહીશુ તો ભાવિ પ્રજા આપણને કદી માફ નહિ કરે.

એક ગુજરાતી તરીકે એક-મેકના ટાંટિયા ખેચવાની વૃત્તિઓ ક્યાંક, ક્યારેક જરૂર દેખાતી હશે પણ જ્યારે-જ્યારે ગુજરાતી પ્રજા ઉપર કોઈ આફત આવી છે, આપણે સહુ ગુજરાતીઓ એ એકસાથે મળી એ તોફાનનો જોરદાર મુકાબલો કરી, હેમ-ખેમ બહાર આવ્યા છીએ. ઈતિહાસ આ વાતનો ગવાહ છે. ભાષાની આ આંધી વિકરાળ જરૂર છે, પણ આપણે સમજદારીપૂર્વક સામનો કરીએ તો માર્ગ જરૂર મળશે.

જ્યોતિપુંજના ગત્ અંકમાં શ્રી શીરીષ પરીખે 'હું ગુજરાતી' શિર્ષક હેઠળ ગુજરાતી ભાષા અંગે પોતાની મનોવ્યથા રજુ કરી. માતૃભાષા પ્રત્યે સેવાતા દુર્લક્ષ અંગે તેઓએ જે વિચારો વ્યક્ત કર્યા તે પ્રત્યેક ગુજરાતીના હૃદયનો પડઘો છે.

ખરેખર માતૃભાષાનો કોઈ પર્યાય નથી. માતૃભાષાનો જોટો મળવો અસંભવ છે. આજે અંગ્રેજી ભાષાની વધતી જતી જરૂરીઆત સામે દુનિયામાં ઘણી બધી

ભાષાઓ ધીરે-ધીરે ભૂંસાઈ રહી છે. આપણી માતૃભાષા ટકશે કે ધીમે-ધીમે સાવ ભૂસાઈ જશે એ ચિંતા હવે સૌને સતાવવા લાગી છે. ગુજરાતી લખવાવાળો વર્ગ ખૂબજ ઓછો રહ્યો છે. હવે તો ગુજરાતી બોલવાવાળો તથા વાંચવાવાળો વર્ગ પણ ઓછો થતો જાય છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત 'જ્યોતિપુંજ'ના કારણે આપણો સમગ્ર સમાજ એક તાંતણે બંધાયો છે.આપણી વર્તમાન પેઢી ખરેખર ખૂબ ભાગ્યશાળી છે કે આપણુ 'જ્યોતિપુંજ' આજે ગુજરાતી ભાષામાં પ્રકાશિત થઈ રહ્યું છે. પણ આજથી ૨૦–૨૫ વર્ષો બાદની કલ્પના કરી જુઓ. ત્યારે કદાચ અંગ્રેજી માધ્યમમાં ભણેલો કોઈ યુવાન 'જ્યોતિપુંજ' નો સુકાની બને અને 'જ્યોતિપુંજ' અંગ્રેજીમાં પણ છપાય. પણ આપણી સંસ્કૃતિની રક્ષા, સંસ્કારોનું સિચંન, નૈતિક મૂલ્યોનું જતન અને જીવનનું સંગીત એક પરદેશી ભાષામાંથી કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? એટલે આપણા સહુની એક ખેવના જરૂર રહે કે સમયને અનુરૂપ 'જ્યોતિપુંજ' માં અંગ્રેજી લેખો ભલે છપાતા રહે, ભવિષ્યમાં અંગ્રેજી માધ્યમમાં ભણેલો કોઈ યુવક ભલે તંત્રી બને પણ સમાજને મૂળભૂત રીતે એક તાંતણે બાંધી રાખતા તમામ સમાચારો તો માત્ર ગુજરાતીમાંજ છપાય. એ માટે પણ આપણે સહુએ ગુજરાતી ભાષાની રક્ષા માટે પ્રયત્નો કરવા જ જોઈએ.

આજના સંજોગોમાં ગુજરાતી ભાષાને ટકાવવી મુશ્કેલ છે, પણ અશક્ય તો નથી જ. સર્વત્ર અંગ્રેજીનું જ ચલણ હોવાથી તેને અપનાવ્યા વિના આરો નથી. હિન્દી આપણી રાષ્ટ્રભાષા હોવાથી તેના વગર ચાલવાનુ નથી. ગુજરાતી આપણી માતૃભાષા છે. શા માટે આપણે બોલવામાં, વાંચવામાં અને વિવિધ કાર્યક્રમો જોવા માટે વધુમાં વધુ તેનો ઉપયોગ ન કરવો જોઈએ ?

ધ્યાનમાં લેવા જેવી એક વાત છે કે તમિલ, તેલુગુ, કન્નડ કે મલયાલમ ભાષાના લોકો અંગ્રેજીમાં પાવરધા હશે પણ તેઓ અંદર-અંદર મળે ત્યારે પોતાની જ ભાષામાં વાત કરતા જોવા મળશે. જ્યારે આપણે ગુજરાતીઓ જ્યાં જરૂરત નહી હોય ત્યાં પણ અંગ્રેજીમાં બોલવાનુ પસંદ કરીએ છીએ. વગર કારણે અંગ્રેજી અને હીન્દીનો ઉપયોગ કરવાની આપણને ટેવ પડી ગઈ છે. જેવી આવડે તેવી પણ આપણી જ માતૃભાષાનો વધુ અને વધુ ઉપયોગ શા માટે ન કરવો જોઈએ ?

આનંદના પ્રસંગે ખુશી વ્યક્ત કરવા માટે અથવા દુઃખના પ્રસંગે સાંત્વના પ્રગટ કરવા માટે માતૃભાષા જ સૌથી ઉત્તમ માધ્યમ છે. મુશ્કેલીમાં કે આપત્તિમાં ઈશ્વર હંમેશા પોતાની માતૃભાષામાં જ યાદ આવે છે.

બીજી એક વાત જો આપ જાણતા હો તો મેમણ, વ્હોરાજી, મન્સુરી, ઘાંચી, ખોજા, પટણી વિ. મુસ્લિમ સમાજમાં આવે છે, તે તમામની માતૃભાષા ગુજરાતી છે. તેઓના જમાતખાનામાં ધાર્મિક નાઈટશાળા ચલાવવામાં આવે છે, જયાં બાળકોને ગુજરાતીમાં જ વિવિધ તાલીમ આપવામાં આવે છે. અંગ્રેજી માધ્યમમાં ભણતો દરેક વિદ્યાર્થી આ ધાર્મિક શાળાઓમાં ગુજરાતીમાં શિક્ષણ લઈ જરૂર પુરતુ લખી-બોલી-વાંચી શકે છે. હિન્દુ સમાજમાં પણ અનેક સંપ્રદાયો છે. આ સંપ્રદાયોએ પણ આપણી માતૃભાષા સદાકાળ જીવંત રહે એવા પ્રયત્નો આદરવા જોઈએ. ભવિષ્યમાં જો ગુજરાતી લખનાર, બોલનાર કે વાંચનાર જ નહી બચે તો પછી આ બધા સંપ્રદાયોનો વિકાસ પણ કેવી રીતે થશે ?

ગુજરાતી ભાષાનું જતન કરવાની મહેચ્છા હોય, આપણી ભાષાને જીવંત રાખવાનુ શમણુ હોય, જનેતા માટે હૃદયમાં પ્રેમ અને લાગણી હોય તો હજુ પણ આપણે મોડા પડયા નથી. ખૂબ મોડુ થઈ જાય એ પહેલા જાગવાની જરૂરત છે. નહીતર ઈતિહાસ આપણી પેઢીને ક્યારેય માફ નહી કરે.

આપણી ભાષા ખૂબજ સમૃધ્ધ છે. ગુજરાતી ભાષા પાસે અખૂટ શબ્દભંડોળ છે. સૂર્યનારાયણ માટે

આપણી ભાષામાં અનેક નામો છે. જ્યારે અંગ્રેજી ભાષામાં માત્ર 'સન' એક જ નામ છે. આપણી માતૃભાષામાં પ્રેમ, માધુર્ય, મૌલિકતા, સ્નેહ, પ્રીત ટપકે છે જ્યારે અંગ્રેજીમાં આડંબર ભર્યો છે.

ગુજરાતી ભાષા પ્રત્યે આપણા સહુના દિલમાં પ્રેમ અને લગાવ તો છે જ પણ જ્યાં કેરિયરનો સવાલ આવે છે ત્યારે થાય છે કે ગુજરાતી માધ્યમમાં ભણેલા બાળકોનું ભવિષ્ય શું ? તેઓની માર્કેટ વેલ્યુ કેટલી? ઉચ્ચ ક્ષેત્રમાં તેઓને નોકરીએ કોણ રાખે ? આવો પ્રશ્નો ગુજરાતી માધ્યમની શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ તથા તેમના માતા-પિતાને સતાવે છે. તેથી જ મુંબઈમાં ગુજરાતી માધ્યમની શાળાઓ લગભગ બંધ થઈ ચુકી છે અને કોલેજોમાં તો વિષય તરીકે પણ તિલાંજલી અપાઈ ચુકી છે.

પૂ. ગાંધીજીએ કહ્યું હતુ કે ભાષા તરીકે અંગ્રેજી શીખવાની ના નથી, પરંતુ માતૃભાષાના ભોગે તો હરગીઝ નહીં. પણ તે સમયના સંજોગો અને વર્તમાન સંજોગો વચ્ચે આસમાન જમીનનો ફરક છે. માતૃભાષાના ભોગે જ અંગ્રેજીનો સ્વીકાર કરવો પડે એવી નોબત આજે સર્જાઈ ચુકી છે. અંગ્રેજી માધ્યમમાં ભણવુ એ આજના સ્પર્ધાત્મક સમયની પ્રાથમિક જરૂરીયાત બની ગઈ છે.

અંગ્રેજી ભાષાના આ વાયરા સામે હજુ પણ આપણી આજુબાજુ એવા પ્રસંગો બને છે જે નિહાળતા અને વાંચતા દિલમાં એક ઉમંગ છલકે છે કે આપણી માતૃભાષામાં હજુ હીર છે. જો આપણે પ્રયત્નો ચાલુ રાખશુ તો ગુજરાતી ભાષા સદાકાળ અમર રહેશે.

તાજેતરમાં ભારતીય વિદ્યા ભવન ખાતે સંગીત ભવન ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ગીતો, કવિતાઓ અને ગઝલોનો બહુજ સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ભાષાના ગાયક તથા ગાયિકાઓએ ગુજરાતી ભાષામાં ખૂબજ સુંદર કૃતિઓ રજુ કરી હતી. આખોય હોલ ખીચોખીચ ભરાયેલો જોઈ મનમાં થયુ કે ગુજરાતી ભાષા પ્રત્યેનો લોકોનો પ્રેમ હજુ અકબંધ છે. ગુજરાતી ભાષામાં ગવાતા સુમધુર ગીતોભરી સંગીતો મહેફિલો આજે પણ લોકોને ગમે છે. આપણી પેઢી ગુજરાતી ગીત-સંગીત માણે છે. સમૃધ્ધિના આ વારસાને આપણા બાળકો સમીપ લઈ જવા માટે થોડા ઘણા પ્રયત્નો થઈ શકે તો પણ ગુજરાતી ભાષાના પ્રસારનું ઉમદા કાર્ય થઈ શકે.

થોડા દિવસ પહેલા ગુજરાતી તરીકે ગૌરવ લેવા જેવી એક ઘટના બની. આ વર્ષે 'ફેડરેશન ઓફ ઈન્ડિયન પબ્લિશર્સ' તરફથી બેસ્ટ પુસ્તક વિક્રેતા તરીકેનો એવોર્ડ ગુજરાતી વિક્રેતા 'પ્રસાર'ને મળ્યો. રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતી કિતાબોનું આ બહુ મોટુ સન્માન છે. ઝવેરચંદ મેઘાણીના પુત્ર જયંતભાઈએ પુસ્તકોના પિયરસમી 'પ્રસાર' ૧૯૭૨માં ભાવનગરમાં શરૂ કરી. ગુજરાતી સાહિત્યના તમામ પુસ્તકોનો અહીં ભંડાર છે. દુનિયાની બે સૌથી મોટી લાઈબ્રેરીઓ 'અમેરીકાની લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ' અને 'બ્રિટીશ લાઈબ્રેરી'ને છેલ્લા ઘણા વર્ષોથી આ વિક્રેતા નિયમિત ગુજરાતી પુસ્તકો પુરાં પાડે છે.

આપણી ગુજરાતી ભાષા અગિયારસો વર્ષ પુરાણી છે. ઉજ્જવળ ભવિષ્ય માટે આજની પેઢી અંગ્રેજી સ્કુલોમાં ભણે છે તેથી ગુજરાતી ભાષા મરી પરવારશે એવી અશુભ વાણી ઉચ્ચારવા કરતાં ગુજરાતી ભાષાનો વિકાસ તથા ફેલાવો કેવી રીતે થઈ શકે એ દિશામાં દરેક ગુજરાતીએ વિચારવુ જોઈએ.

વાદળુ હટી જશે...ફરી પ્રકાશ રેલાશે...

માતૃભાષા સદાકાળ રહેશે એ આશા અકબંધ છે. એ માટે જરૂરત છે સંનિષ્ઠ પ્રયત્નો કરવાની તથા એ દિશામાં થતા તમામ કાર્યને વેગ આપવાની.

✤ ✤ ✤ ✤ ✤

# સંબંધોને સાચવવાની ચાવી

## (Key for good relationship)

શું આપે એવા સંબંધોની કલ્પના કરી છે જે માત્ર ફૂલો, શુભેચ્છા કે મીઠાશથી પણ ઘણા આગળ હોય. માત્ર રોમાન્ટીક સંબંધો જ લાંબા ગાળાનાં સંબંધો હોતા નથી. લગ્ન - પ્રણય સંબંધ પણ લાંબાગાળાના હોવા જરૂરી છે.

આપણે આપણા નજીકના સાથીઓ, સહપાઠીઓ, જીવનસાથી લાંબા સમયનાં મિત્રો અને વેપારીઓ સાથે પણ લાંબા ગાળાનાં સંબંધો જાળવી શકીએ છીએ. સંબંધો ગમે તે પ્રકારનાં હોય, તમામ સંબંધો સામાન્ય પાયાથી શરૂ થાય છે, અને આપણી પાસે આવા જ લાંબા ગાળાનાં સંબંધોની માંગ કરે છે.

આપણે સહુ અલગ અલગ સમાજ કે બેક ગ્રાઉન્ડ ધરાવતા હોવાથી કોઈપણ પ્રકારનો લાંબા ગાળાનો સંબંધ બાંધવો મુશ્કેલ છે. એક સમાન રસ કે સરખી પસંદગીનાં કારણે ઘણીવાર મિત્રતાની શરૂઆત થતી જોવા મળે છે. પરંતુ સમયાંતરે અનેક મતભેદોનાં કારણે આપણે, જેઓ એક સમયે આપણી ખૂબ જ નજીક હતાં એમનાથી પણ અલગ પડી જઈએ છીએ.

જ્યારે આપણે આપણા મતભેદોને સ્વીકારતા થઈશું અને સંબંધોની સાથે આવતી અસહમતી સાથે કામ કરતા શીખીશું ત્યારે લાંબા ગાળાનાં સંબંધો સફળ થશે. ટૂંકમાં મહત્વની બાબત તો એ છે કે અગર આપણે અસંમતિની બાબતો કરતાં સંબંધોને વધુ મૂલ્યવાન ગણતા શીખીશું તો જ આપણા સંબંધો સફળતાની ટોચે બીરાજમાન થશે.

આમ સંબંધોને સફળ બનાવવાની ચાવી એ છે કે મતભેદનાં મુદ્દાઓને કેવી રીતે હાથ ધરવા કારણ કે સમયાંતરે દરેક સંબંધોમાં મતભેદો તો સર્જાય જ છે પરંતુ પ્રામાણિકતા, ખુલ્લાપણા અને વિશ્વાસ સાથે સહમત થવાની શક્તિ સંબંધોને લાંબા ગાળા સુધી ટકાઉ બનાવે છે, અને આ જ બાબત ખરાબ સમયમાં પણ સંબંધોને જાળવી રાખવામાં ખૂબ જ મદદરૂપ થાય છે.

લાંબા ગાળાનાં સંબંધ માટે બંન્ને પક્ષે સંબંધોનું મૂલ્ય સમજવું જોઈએ. બંન્ને પક્ષોએ એ બાબત પર સંમત થવું જોઈએ કે અસંમતિના મુદ્દાઓ આપણા સંબંધોને બગાડે નહિ. એનો અર્થ એ થયો કે આપણાં સંબંધોમાં એક સમય એવો પણ આવશે કે જ્યારે તમે સંબંધો બગાડવા કરતાં કોઈ એક મુદ્દા ઉપર સહમત થઈ જશો. સમાન વ્યવહાર કે સહમતિ પણ ખૂબ અગત્યનાં છે.

જ્યારે કોઈપણ વ્યક્તિ અન્યો સાથેનાં સંબંધોમાં અલ્ટીમેટમ (ચેતવણી) આપે કે પછી અન્યના નિર્ણયને બદલવા દબાણ કરે તો આવા સંબંધો જરૂરથી મુશ્કેલી સર્જે છે. એટલું તો સમજવું ખાસ જરૂરી છે કે જ્યારે કોઈક મુદ્દા પર વિવાદ થતાં અસંમતિ સર્જાય ત્યારે કોઈની ઉપર જીત મેળવવાની છે એવું ન માનવું, પરંતુ સ્વસ્થ સંબંધો જરૂરથી જાળવી રાખવા યોગ્ય છે.

અસંમતિનાં મુદ્દાને હાથ ધરવાનો અન્ય એક વધુ ઉપાય ગેરસમજને દૂર કરવી કે સ્પષ્ટતા કરવાની છે. આપણે ખાસ તો ગુસ્સાની હાલતમાં અન્ય વ્યક્તિનાં શબ્દો કે કાર્યોનાં અર્થઘટનનો પ્રયાસ કરીએ છીએ.

મજબૂત સંબંધોમાં ખૂલ્લાપણું હોવું અને સામેની વ્યક્તિને તેનાં ઈરાદા અથવા તે શું કહેવા માંગે છે તે કહેવા દેવું ખૂબ જ મહત્વનું છે. લાંબા ગાળાનાં સંબંધો જારી રાખવા સમાધાન અને પ્રયાસ કરવા પડે છે. પરંતુ આમ કરવાથી સંબંધો વધુ ટકાઉ બને છે અને વિકસે છે. સંબંધોને સફળ બનાવવા એ વાતની ખાત્રી રાખવી જોઈએ કે અસંમતિને પણ તેમાં યોગ્ય સ્થાન હોવું જરૂરી છે. આવો આપણે સહુ આપણા સંબંધોને જાળવી રાખવા નવી દિશામાં યોગ્ય વિચારણા-મસલત કરી દરેક સંબંધો લાંબા ગાળા સુધી ટકાવી રાખવા સક્ષમ બનીએ. કારણ આજનાં માનવીને જીવનનાં કોઈપણ ક્ષેત્રે યોગ્ય સંબંધો, હુંફાળા, ઉષ્માભર્યા, લાગણીપ્રધાન હોવા ખૂબ જ જરૂરી છે. માણસ એક સામાજિક પ્રાણી છે. જે આ સંસારમાં સતત નવા-નવા સંબંધોની તલાશમાં વિહરતો જ હોય છે. સંબંધનું અન્ય નામ છે ગાઢ બંધન.

*- રાજેશ કડકીઆ (યુ.એસ.એ.)*

## અંશ એક જણસ

ક્ષણ ભંગુર આ દેહ કાજે, આટલો મોહ શા માટે ?
કારણ, મારાજ 'અંશ'માંથીતેની ઉત્તપત્તિ થઈ તે કાજે !
મારૂં અસ્તિત્વ હોવા છતાં, અંશે પોતાનું અસ્તિત્વ મીટાવી દીધું !
દુઃખ ફક્ત એકજ વાતનું, મારી જ વિદાયની ઘડીઓ ગણાતો હું,
મારી જ નજરો સમક્ષ, મારી જ 'જણસ' ને વિદાય આપું છું
પ્રભુ તારૂં આ ક્રુર હાસ્ય પણ મારે મંજુર રાખવું પડે છે
કારણ, હું લાચાર, પામર જીવ તારી તોલે તો ક્યાંથી આવી શકુ ?
જનમ મરણની દોરીઓની લગામનું સંચાલન તારી પાસે છે.
એ જાણવા છતાં, દુઃખ સાથે મારી આટલી મુરાદ સ્વીકારજે !
હે શ્રીજીબાવા, જગતના પાલનહારા, બીજું તો કશું જ નહિ,
મારાજ અંશના આત્માને તારા જ ચરણમાં શાંતિ આપજે !

*'ચાંદશા' - ચંદ્રકાંત શાહ (ચટઈ)*

**વધાઈ વધાઈ વધાઈ**

**શ્રી ચતુર્થગૃહ હિતવર્ધક પરિવાર (મુંબઈ)**

સહર્ષ જણાવવાનું કે પૂ.પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વલ્લભબાવાશ્રી તારીખ ૧-૫-૦૮ થી ૧૦-૫-૦૮ દરમ્યિાન બીરાજમાન થશે.

જેમાં ભાયંદર - બોરીવલી - કાંદિવલી - મલાડ તેમજ મુંબઈ મુકામે વચનામૃત - કંઠીદિક્ષા - પધરામણીનું આયોજન રાખવામાં આવેલ છે.

**નોંધ :** તા. ૯ અને ૧૦ મી મેના રોજ મુંબઈ ખાતે વચનામૃત રાખેલ છે. **સમય :** સાંજના ૪ થી ૬.૩૦, **સ્થળ :** પ્રેમપૂરી આશ્રમ, બાબુલનાથ.

**સંપર્ક ફોન નંબર :**

| | |
|---|---|
| વિનોદભાઈ શાહ (બોરીવલી) | - ૯૮૨૦૦૨૯૦૮૭ |
| અરૂણભાઈ સુરા (કાંદીવલી) | - ૯૮૨૦૦૫૯૮૧૫ |
| શૈલેશભાઈ કડકીઆ (મુંબઈ) | - ૯૮૧૯૨૭૬૯૭૦ |
| હેમંત પરિખ (ભાયંદર) | - ૯૨૨૪૨૯૪૯૩૨ |


**અમૂલ** બાલાસિનોરમાં

**અટરલી બટરલી અમૂલ**

માખણ ☆ ચીઝ ☆ પનીર
દરેક પ્રકારના આઈસ્ક્રીમ
કપ તેમજ ફેમીલી પેકમાં
તૈયાર પીઝા ☆ કૂલ કૉફી ☆ ફલેવર્ડ
મિલ્ક ☆ 'અમૂલ્યા' દૂધ પાવડર ☆ ઘી
શ્રીખંડ ☆ ચૉકલેટ્સ અને
બીજી અનેક પ્રોડકટસ

**અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા**

તમારી રોજની દૂધની જરૂરીયાત માટે
પધારો

**શ્રી અમૂલ પાર્લર**

મેઈન બઝાર રોકડિયાની શેરી સામે, બાલાસિનોર
**બ્રિજેશ મહેતા - પ્રિયકાન્ત દેસાઈ**

**વડોદરા-ગોધરા-અમદાવાદ-શ્રીનાથજી અને અન્ય સ્થળે** આરામદાયક મુસાફરી માટે
સુવિધાવાળી ગાડીઓના
બુકીંગ માટે સંપર્ક

**પ્રિયકાન્ત દેસાઈ**

મોબાઈ –૯૯૭૯૩૫૭૩૧૧

# સાબરમતીના સંત શ્રી ગાંધીબાપૂની આધ્યાત્મિકતા

મહાત્મા ગાંધીજીના જીવનકાળ દરમિયાન ઘણા બધા સંતો સાથે તેઓની પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ મુલાકાતો, વાર્તાલાપો, સંત્સંગ વિગેરે થયા હતા. ગાંધીજી મહાત્મા, સંત, જ્ઞાનયોગી એવા શ્રી, શ્રી મા આનંદીમયી, હરિ ૐ આશ્રમના શ્રી મોટા, પરમહંસ યોગાનંદ, શ્રીમદ્ રાજચંદ્ર, શ્રી રમણ મહર્ષિ વિ. જ્ઞાનયોગીઓના સંપર્કમાં આવ્યા હતા. આમ છતા ગાંધીજીએ આમાંથી કોઈને પ્રત્યક્ષ રીતે ગુરુ તરીકે અપનાવ્યા ન હતા. કારણકે ગાંધીજીનું માનવું હતું કે 'હું ગુરુની શોધમાં છું, કારણ કે ગુરુ મળતા માણસનો ઉધ્ધાર થાય છે, પરંતુ હું જે ગુરુની શોધમાં છું તે ગુરુ ભગવાન પોતે જ છે. તેને પ્રાપ્ત કર્યા પછી કશી સાધના બાકી રહેતી નથી. મારું આખું જીવન ને મારી તમામ પ્રવૃત્તિ એ ગુરુની શોધ માટે છે.' ગાંધીજીએ ઈશ્વરને આત્મસમર્પણ કર્યુ છે. તેઓ નિસ્વાર્થભાવે પોતાનું કામ કરે છે. તેમની ઈચ્છા ફળપ્રાપ્તિની નથી અને તેઓ જે કોઈ કાર્ય કરતા તે ઈશ્વરની પ્રેરણાથી કરતા તેથી ફળદાયી નિવડતી. ગાંધીજીએ સંપૂર્ણ અહિંસક સાધનોથી પોતાના આટલા મોટા દેશને સ્વતંત્રતા અપાવી તેનો વિશ્વમાં જોટો જડવો મુશ્કેલ છે.

રાષ્ટ્ર માટે સમગ્ર જીવન સમર્પિત કરનાર સાબરમતીના સંત મહાત્મા ગાંધીજીની એ વિશેષતા હતી કે મોટામાં મોટા માણસથી માંડીને નાનામાં નાના માણસને મળવાનો, તેને શાંતિથી સાંભળવાનો કે સમજવાનો તેમની પાસે સમય હતો.

ગાંધીજી કડક શિસ્તપાલન અને સ્વસંયમીના દ્રઢ આગ્રહી હતા. ગાંધીજી જેવા મહાન સંતને પણ ક્યારેક ક્રોધ તો આવતો પરંતુ તેઓ દુષ્ટ માણસોને નહિ પરંતુ તેમની દુષ્ટતાને ધિક્કારતા હતા. ગાંધીજીનો ક્રોધ પણ તેઓના કાબૂમાં હતો અને થોડા જ સમયમાં અન્યો સાથે સહજતાથી શાંતિથી વિનોદ કરતા, વાતો કરતા, ગીતામાં કહયું છે કે જે વ્યક્તિ કામ-ક્રોધથી ઉપજતા વેગને અહીં જ સહન કરે છે તે જ યોગી છે, સુખી છે. ગાંધીજી આ અર્થમાં પણ યોગી હતા. ધન, દોલત, રાજ્ય કે સત્તાપ્રાપ્તિ માટે માણસ પરિશ્રમપૂર્વક નિર્ભય બને છે. પરંતુ આ નિર્ભયતા માત્ર એક જ ક્ષેત્ર પૂરતી સીમિત હોય છે. બીજા ક્ષેત્રમાં તો તે ભારે કાયર હોય છે. જીવનમાં પ્રત્યેક ક્ષેત્રમાં નિર્ભયતા હોવી જરૂરી છે. જે આધ્યાત્મનિષ્ઠા વિના શક્ય નથી. આ પ્રકારની આદ્યાત્મનિષ્ઠા ગાંધીજીમાં હતી. માત્ર પોતડી ધારણ કરનાર હાડકાના માળખા જેવા આ બટુક સંત શારીરિક, માનસિક અને આધ્યાત્મિક આરોગ્યની જીવંત મૂર્તિ જેવા હતા. તેમના વ્યક્તિત્વમાં સદાય નિર્ભય નિર્દોષ સ્મિત, સાથે તીવ્ર બુધ્ધિ, નિખાલસતા અને વિવેક તરવરતા હતા.

ગાંધીજી, અહિંસા અંગે પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવતા કે કોઈપણ જીવતા પ્રાણીને વિચારથી કે વર્તનથી ઈજા ન આપવી તે અહિંસા અભય અને અહિંસા તેમના શસ્ત્રો હતા.

તેઓ સત્યાગ્રહીઓ માટે સંપૂર્ણ બ્રહ્મચર્યનો આગ્રહ રાખતા તેઓ માનતા કે વિષયવાસના ઉપર કાબૂ મેળવવા માટે સ્વાદેન્દ્રિયને જીતવી જોઈએ. અર્ધભૂખમરો કે અસમતોલ આહાર એ એનુ નિરાકરણ નથી. તેઓ શાકાહારને પ્રાધાન્ય આપતા ખરી વાત એ છે કે તેઓ લોકોને જે કહેતા કે સલાહ આપતા તેનો સૌ પ્રથમ પ્રયોગ પોતાની જાત ઉપર કરતા. આમ તેમના વિચારો, આચાર અને કાર્યમાં એકરૂપતા જણાતી અને જનસમુદાય પર પ્રભાવ પડતો તેઓ માનતા કે ખોરાકના આંતરિક અને બાહ્ય નિયમોના ચુસ્ત અને ડહાપણ પૂર્વકના પાલનથી વ્યક્તિના જાતીય શુક્રનું આખા શરીરની જીવનશક્તિમાં ઉર્ધ્વીકરણ થાય છે.

ગાંધીજીએ કહયું હતું કે 'હિંસક ઉપાયોથી મારા દેશની સ્વતંત્રતા મેળવવા કરતા જરૂર પડે તો યુગો સુધી હું રાહ જોવા તૈયાર છું. જો કોઈ ધર્મયુધ્ધમાં જીવનહત્યાની જરૂર જ હોય તો ઈસુની માફક પોતાનું અને નહી કે સામાનું, બલિદાન આપવા તત્પર રહેવું જોઈએ. આ રીતે જગતમાંથી રક્તપાત ઓછો થઈ જશે જો સત્ય અને અહિંસાને આપણે આપણા જીવનનો મહામંત્ર બનાવવાનો નિશ્ચય કરીએ તો દરેક સવાલનો ઉકેલ મળી આવે છે એમાં શંકા નથી.'

ગાંધીજી આગળ જણાવતા કહે છે કે જીવન વિનાશના વમળમાં પણ ટકે છે તેથી વિનાશ કરતા પણ એક ઉચ્ચતર નિયમ કામ કરતો હોવો જોઈએ. એવા નિયમની સત્તામાંજ સુવ્યવસ્થિત સમાજ સંભવી શકે છે અને જીવનજીવવા યોગ્ય બને છે અને એ જો જીવનનો નિયમ હોય તો આપણે આપણા દૈનિક જીવનમાં એનો અમલ કરવો જોઈએ. જ્યાં જ્યાં યુધ્ધપ્રસંગો ઉભા થતા હોય અને જ્યાં જ્યાં પ્રતિપક્ષીનો સામનો કરવાનો હોય ત્યાં ત્યાં પ્રેમથી તેને જીતો. તેઓ માનતા કે તેઓના જીવનમાં વિનાશના કાયદાથી નહી, પણ પ્રેમના ચોક્કસ સિધ્ધાંતે તેમને જીવનમાં સફળતા અપાવી છે. માટે જ તો કહેવાયું છે "Nothing good ever comes of violence"

ગાંધીજી પોતાના જીવનકાળ દરમિયાન સદાય પ્રવૃત્તી રહ્યા છે. સતત બોલતા રહીને એક જગ્યાએ ક્યારેય ઠરીને રહ્યા નથી. તેઓનું લક્ષ્ય તો ભારતમાં આધ્યાત્મિક પુનરુધ્ધાર કરવાનું હતું. તેમના વિચારોમાં પારદર્શકતા અને સચ્ચાઈ હતી. તેઓએ દેશની સ્વતંત્રતા માટે અને પોતાની આધ્યાત્મીકતાની શ્રધ્ધા અર્થે અનેકવાર ઉપવાસો કર્યા તેમજ મૌનવ્રત ધારણ કરી જીવનશક્તિ પ્રાપ્ત કરતા. આમ તપસ્યા દ્વારા તેઓ જીવનશક્તિ પ્રાપ્ત કરી લેતા.

ગાંધીજીના શિષ્યોમાંથી જો કોઈ અયોગ્ય આચરણ કરે તો ગાંધીજીને થતું કે મારા પોતાના દોષને કારણે જ હશે. આમ અન્યનો દોષ પોતે ઓઢી લેતા. રમણ મહર્ષિએ કહયું છે કે "Gandhiji has struggled so long to perfect himself. All others will be right in due course."ગાંધીજીના સત્ય માટેના આગ્રહની વાત કરતા મહર્ષિ જણાવે છે. "Satya is that which is made up of Sat, again Sat is nothing but the self. Gandhiji's satya is only the self".

રાષ્ટ્ર માટે જીવનદાયી પ્રેરણાનો સ્ત્રોત બનવાવાળો ગ્રંથ ગીતા છે. મહાત્મા ગાંધીજીએ એમના જેલવાસ દરમ્યાન અને તે સિવાયના સમય દરમ્યાન ગીતાનો વિસ્તૃત અભ્યાસ કર્યો હતો. 'કર્તા કરતા તેની કૃતિ મહાન હોય છે' એવા વિધાન સાથે 'અનાસક્તિયોગ'. ગીતાના અભ્યાસને લગતું પુસ્તક તેઓએ લખ્યુ હતું. ૧૯૩૨માં યરવડા જેલમાં સહવાસી બનેલા તેમના પુત્ર રામદાસના લાભ માટે 'ગીતા

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમા ૪ થી ૬ દરમ્યાન કિર્તિ કડકિઆ તેમજ સંઘની ઓફિસના સમય દરમ્યાન ભાવેશ મોદીને મોકલવાનુ રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

***મંત્રી - શીરીષ પરીખ : તંત્રી નીખીલ પરીખ***

પ્રવેશિકા' તૈયાર કરી હતી. આ પુસ્તકમાં જ્ઞાન, ભક્તિ અને કર્મ પર ભિન્ન ભિન્ન રીતે ભાર મૂકવામાં આવ્યો છે તે છતા ગીતાની વર્તમાન યુગને માટે જે ઉપયુક્તતા છે તેને સ્પષ્ટ કરે છે. કૃષ્ણનો ઉપદેશ અને એમનું સખ્ય, સાધકને વ્યવહારુ અને તાત્કાલિક કર્મમાં પ્રવૃતિ કરનાર આધાર બની રહેવા જોઈએ. એમ ગાંધીજી માનતા હતા.

ગાંધીજીને મૃત્યુની આગલી રીતે સ્વપ્નમાં પોતાના મૃત્યુનો અણસાર આવી ગયો હતો. પ્રબુધ્ધ લોકોને આ પ્રકારનો સંકેત મળે છે. ગાંધીજીનું અહિંસાનું પાલન કરતા મૃત્યુ થયું હતું. અંતિમ સમયે એમના નાજુક અને ઉપવાસથી જર્જરિત શરીરમાં જ્યારે ગોળીઓ વિંધાઈ ગઈ ત્યારે મરણોન્મુખ મહાત્માએ જમીન પર ઢળી પડતા હિંદુ પધ્ધતિ પ્રમાણે નમસ્કાર કરતા હોય એ રીતે હાથ ઊંચા કરી ક્ષમા આપવાનો મૂક ઈશારો કર્યો હતો. આમ શ્રેષ્ઠ ક્ષમાર્થી પણ બની રહ્યા. ગાંધીજીના નિશ્વાર્થી જીવનના સમગ્ર આત્મત્યાગને પરિણામે જ આવો છેવટનો પ્રેમાળ સંકેત શક્ય બન્યો.' તેઓના સત્ય, અહિંસા, પ્રેમ ને ક્ષમા જેવા ઉચ્ચ આદર્શો આધ્યાત્મિકની ઉચ્ચ સપાટીએ બેસાડે છે.

શ્રી કૃષ્ણએ દેહત્યાગ કર્યો હિંસાને ચરણોમાં સ્થાન આપીને, ઈસા મસીહાએ હિંસાને સર્વાંગ રૂપથી આલિંગન કરતા પોતાનો દેહ છોડયો, હિંસા સામે પણ હિંસા કરી નહિ. ગાંધીજીએ પણ હિંસાવૃત્તિ પર અહિંસાવૃત્તિ દ્વારા વિજય પ્રાપ્ત કર્યો અને શાંત ભાવથી 'હે રામ, હે રામ' ઉચ્ચારતા હાથ જોડીને ચાલ્યા ગયા. ગાંધીજી સમતાપૂર્વક અહિંસાના ભાવથી રહયા અને અંતમાં પોતાના પ્રાણનું પણ બલિદાન આપ્યું. ગાંધીજીએ કહયું હતું 'ગીતા અને તુલસીદાસના રામાયણના સંગીત કરતા બીજા કશાથી મને વધારે આનંદ થતો નથી. મને ખાતરી છે કે મારા છેલ્લા શ્વાસ વખતે પણ ગીતા મને દિલાસો આપશે'.

- ***સરલા સતીશ મોદી (દેવ)***

## હરિજી કે હાથ બીકાની

હું તો મારા હરિજી કે હાથ બીકાની
હું તો મારા હરિજી કે હાથ બીકાની
મારા લોચનીયે તારાં રૂપલાં નીહાળી
પ્રેમ રસ પીધાં મેંતો જાણી રે જાણી...હુંતો
હરિજી કે રંગ હુંતો રાંચી રે રાંચી
હરિગુન ગાસી હુંતો ભઈ પ્રેમદીવાની...હું તો
પ્રીત પુરાની પ્રભુજી મારી ને તારી
મુલ વ્યાંમેં મોલ દઈને ભક્તિ મારી ...હું તો
ચાકર રહશું કરશું હરિજીની ચાકરી
ભવભવના બંધન હું તો હરિજીની દાસી...હું તો
હું તો મારા હરિજી કે હાથ બીકાની...

ઉષા એસ.ધારીયા.

## શૈક્ષણિક પારિતોષિકો શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પારિતોષીકો આપવામાં આવે છે. જેમાં K.G. ધોરણ ૧ થી ૯ , S.S.C., H.Sc., B.Com, B.A, B.Sc., BDS, C.A., L.L.B., M.B.A., M.B.B.S વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે, તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની માર્કસીટની ઝેરોક્ષ કોપી સાથે સંસ્થામાં પોતાના નામ આપી જવા ઈનામ વિતરણ સંસ્થાનો વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

***મંત્રી - શીરીષ પારીખ***



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

તારીખ ૪.૩.૨૦૦૮ના રોજ મહિલા વિભાગ દ્વારા લાડની વાડીમાં રસિયાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન મંજુલાબેન મંગળદાસ ધારીયા (માટલી) હતા. મંજુલાબેન તરફથી મહિલા વિભાગને રૂા. ૧૧,૦૦૦/- રોકડા, કાર્યક્રમનાં પાસ લઈ આવનાર બહેનોને ૩ નેપકીનની પહેરામણી, રસિયા ગાવામાં ભાગ લેનાર બહેનોને ૩ નેપકીન તથા ડાન્સમાં ભાગ લેનાર બહેનો તથા બાળકોને Lock & Fresh ના બે ગ્લાસ આપવામાં આવ્યા હતા. મહિલા વિભાગ મંજુલાબેન તથા તેમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

સરોજબહેન કચેરીયાના માર્ગદર્શન મુજબ આપણી બહેનોએ ગિરીરાજજી સિધ્ધી કરી તળેટીમાં ગિરીરાજ તથા ટોચ પર ઠાકોરજીને પધરાવી સુંદર સજાવટ કરી હતી. કાર્યક્રમની શરૂઆત ૩.૦૦ વાગે મંગલાચરણથી કરવામાં આવી હતી. આપણી જ બહેનોએ ત્રણ ગ્રુપ બનાવી ઠાકોરજીની સન્મુખ રસિયા ગાયા હતા. ઉર્મિલાબેન વોરાએ હારમોનિયમ તથા ઝાંઝ દ્વારા તેમજ રમેશભાઈ ભોજકે તબલા વગાડી તાલ પૂર્યા હતા. બાળકો તથા બહેનોએ સુંદર નૃત્ય કરી ઠાકોરજીને રીઝવ્યા હતા. સુંદર નૃત્યથી પ્રભાવિત થઈ શર્મિષ્ઠાબેન ગાંધીએ રૂા. ૧૫૦/- કનક મોદીને આપ્યા હતા. તેમજ મંજુલાબેન કાંતિલાલ કડકીઆ તરફથી કનક મોદીને રૂા. ૧૦૦/- મારીસા વખારીયાને રૂા. ૧૦૦/-, નિરજા પરીખને રૂા. ૫૦/-, દિશા શાહને રૂા. ૫૦/-, ઉર્મિલાબેન વોરા, રમેશભાઈ ભોજક તથા ઓર્ગનાઈઝર દરેકને રૂા. ૧૦૦/- આપવામાં આવ્યાં હતા.

મહિલા વિભાગ તરફથી મંજુલાબેન ધારીયા, તેમની પુત્રવધુઓ રેખા જશવંત ધારીઆ, મમતા પ્રકાશ ધારીઆ, કાશ્મીરા પરેશ ધારીઆ તથા પુત્રી રીટા પરેશ મહેતાનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે નાસ્તાને ન્યાય આપી સહુ છુટા પડયા હતા. બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી આનંદથી ઠાકોરજીનો ઉત્સવ મનાવ્યો હતો. મહિલા વિભાગ તરફથી પણ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બહેનો તથા બાળકોને Lock & Fresh ના બે ગ્લાસ આપવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૦૭-૦૮ નો આ અંતિમ કાર્યક્રમ હતો. બહેનોના સૂચનોને માન આપી વર્ષ દરમિયાન મહિલા વિભાગ દ્વારા આપણી જ બહેનો તથા બાળકો વધારેમાં વધારે ભાગ લઈ શકે એવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જે ઠાકોરજીની કૃપા, સહુ સભ્ય બહેનોના સાથ, વોલીંટીયર્સના સહકાર તથા ઉદારદિલ દાતાઓને કારણે શક્ય તથા સફળ બન્યું હતું. એ બદલ મહિલા વિભાગ સભ્ય બહેનો, વોલીંટીયર્સ તથા તમામ દાતાઓનો હૃદયપૂર્વક આભાર માને છે. આ વર્ષના પ્રથમ કાર્યક્રમ 'અંતાક્ષરી' રમાડવા માટે આવેલ શ્રી કુલરાજ બેદીજીએ આપણી બહેનોમાં રહેલી કલાને બિરદાવતા કહ્યું હતું કે 'મિનોતીબેન તમારી પાસે એવા કલાકારો છુપાયેલા છે કે જેઓ પોતાની કલા

દ્વારા સુંદર કાર્યક્રમો આપની સમક્ષ રજૂ કરી શકે તેમ છે. તમારે બહારનો કાર્યક્રમ લાવવાની જરૂરત જ નથી.' વર્ષ દરમિયાન મહિલા વિભાગે યોજેલ તમામ કાર્યક્રમમાં બહેનો તથા બાળકોએ ભાગ લઈ પ્રત્યેક કાર્યક્રમને દિપાવ્યા હતા. આમ શ્રી કુલરાજ બેદીજીએ વર્ષની શરૂઆતમાં બોલેલ શબ્દોને યથાર્થ પુરવાર કરી બતાવ્યા.

**ડાન્સમાં ભાગ લેનાર કલાકારો :** જય પરીખ, નીરજ પરીખ, દિશા શાહ, મારીસા વખારીયા, કનક મોદી, ચેતના મોદી, નીતા ધારીઆ, ટીના શાહ, તેજલ પરીખ, સોહીણી કડકીયા, અશ્વિના દેસાઈ, ભાવના દેસાઈ, પ્રતિમા ધારીયા, સરજીતા પરીખ, મંદા પરીખ, દીપા કડકીઆ, ખ્યાતિ ધારિયા, રચના મહેતા, નીકીતા મહેકા, આશા પરીખ, રાગીણી શાહ, ગીતા પરીખ

**રસિયા ગાવામાં ભાગ લેના બહેનો :** ઉર્મિલાબેન વોરા, મિનોતી શાહ, નયના દેસાઈ, લતા કડકીઆ, મિનાક્ષી મોદી, શર્મિષ્ઠા ગાંધી, સંગીતા દેસાઈ, પલ્લવી દોશી, રીટા શેઠ, ઉષા કડકીઆ, નીતા ધારીઆ, રાજવંતી દેસાઈ, ઉષા મોદી, કલ્પના કડકીઆ, સુરેખા શાહ, લતા શાહ, ચેતના મોદી, અશ્વિના દેસાઈ, સોનલ મોદી, ગીતા કડકીઆ, દીપીકા શાહ, સોહીણી કડકીઆ, મીના પરીખ, પ્રવીણા કડકીઆ, અમી ધારીયા, પ્રીતી ધારીઆ, બીના કડકીઆ, તેજલ દેસાઈ, પ્રતિક્ષા ગાંધી, પુનિતા કચેરીયા, કનક મોદી.

## એપ્રિલ મહિનાનો કાર્યક્રમ

**તારીખ :** ૨૬ મી એપ્રિલ ૨૦૦૮, શનિવાર

**સમય :** બપોરે ૩.૧૫ વાગે

**સ્થળ :** દાદોબા જગન્નાથા સભાગૃહ,
(ગામદેવી ટેલીફોન એક્ષચેન્જની ગલીમાં)

**'હાઉસી'** રમાડવામાં આવશે. તેમજ કાર્યક્રમને અંતે લકી ડ્રો કરવામાં આવશે. અમને જણાવતા આનંદ થાય છે કે શ્રીમતી રેણુકા વિનોદ પરીખ (બખલી) તરફથી મહિલા વિભાગને આ કાર્યક્રમ માટે રૂા. ૫૦૦/- આપવામાં આવ્યા છે.

આ કાર્યક્રમના પાસ તારીખ ૨૧-૪-૦૮, સોમવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ રૂા.૨૦/- લઈ સંસ્થાની ઓફિસમાં આપવમાં આવશે.

**લવાજમ :** વર્ષ ૨૦૦૮-૦૯ નું લવાજમ રૂા. ૧૦૦/- તારીખ ૨૧-૪-૦૮, સોમવારે લેવામાં આવશે. **તા.ક.:** સાથે સભ્યકાર્ડ લાવવું જરૂરી છે.

*- મિનોતી શાહ - સંયોજક મહિલા વિભાગ*

---

## શાયરીની દુનિયામાં

- શોખ હતો શાયરીનો, વાંચવાનો, માણવાનો,
  તુજ લાગણીએ દર્દ આપ્યું, શાયરી લખતી થઈ
- વહેતી ગઈ દિલ ખોલીને, તુજ લાગણી,
  મુજ દિલની ભ્રમણા હતી, સપના હવે સાકાર થાશે,
  લહેરખી હવાથી આવી, રૂખ બદલ્યું લાગણીએ,
  દુઃખ થયું, તૂટી ગયા, મુજ કાલ્પનિક સપના બધાં.
- શાયરોની મહેફીલમાં રહેવું ગમે છે,
  લાગણીની ભીનાશને માણવી ગમે છે.
  વિચારોનાં વમળ જો ઉમટી આવે તો,
  શાયર થઈ શાયરી, લખવી ગમે છે.
- હાક મારી અમે ને તેઓ બેઠા થયા,
  ને ઉભા હતા તેઓ દોડી ગયા,
  માનો ન આને અમારો પ્રતાપ,
  શબ્દોનાં પ્રવાહે એ વહેતા ગયા.
- ઈંધણ બની ગતિ આપે, હતાશ જીવનમાં,
  એ શબ્દોની તાકાતને પિછાણવી રહી.
- તમારા આગમનની જાણ હવામાં પ્રસરી ચૂકી છે,
  આંખોના મિલનની ક્ષણમાણવા હવા તલસી રહી છે.

*- અમીતા ધારીઆ*

# શ્રી મદન મોહનજી મંદિરના પાટોત્સવની ધમાકેદાર ઉજવણી

૧૯૪ વર્ષ જુના શ્રી મદન મોહનજી મંદિરનો પાટોત્સવ તા. ૮, ૯, ૧૦ માર્ચના રોજ ખૂબજ આનંદ-ઉલ્લાસપૂર્વક બાલાસિનોર ખાતે ઉજવાયો.

મુંબઈ અને બહારગામથી આવેલા વૈષ્ણવો - સ્થાનિક વૈષ્ણવોએ ચતુર્થપીઠ ગો.સ્વામી શ્રી વલ્લભબાવાશ્રીની ઉપસ્થિતમાં અનેરા ઉત્સાહ-ઉમંગથી પાટોત્સવને સફળ બનાવ્યો.

તા. ૪ માર્ચથી ૧૦મી માર્ચ સુધી મનોરથી લીલાબેન બાબુલાલ કડકીઆ (લટકારી) તરફથી વૈષ્ણવો અને આમંત્રિતો માટે દશાનીમા જ્ઞાતિની વાડીમાં સવારનો નાસ્તો, બપોરના અને સાંજના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. તા. ૯-૩-૦૮ના રોજ સાંજે સમગ્ર, કંઠીધારી વૈષ્ણવો માટે ભોજનની વ્યવસ્થા મનોરથી તરફથી કરવામાં આવી હતી.

તા. ૮-૩-૦૮ના રોજ સવારે ૧૦ કલાકે પૂજ્ય શ્રી વલ્લભબાવાશ્રીનું આશરે ૩૦ સ્થાનિક મોટર સાઈકલીસ્ટોના સથવારે જી.આઈ.ડી.સી.થી નિશાળના ચોક સુધી સરઘસૌકારે સ્વાગત કરી શેરી સુધી બેન્ડ-વાજા, દારૂખાનુ, પુષ્પોની વર્ષાથી અનેરા ઉત્સાહથી પૂ.શ્રી વલ્લભબાવાશ્રીની સ્વાગત યાત્રા કાઢવામાં આવી હતી. બપોરના ચાર વાગ્યે પૂ. વલ્લભબાવાશ્રીના હસ્તે નારિયેળ પધરાવી સવારથી ઘડા ભરવાની શરૂ થયેલી વાસ્તુ વિધિ હવનની સમાપ્તી કરવામાં આવી હતી. બપોરના ૪.૩૦ થી ૬.૩૦ સુધી કિર્તનીઆનો લાભ મોટી સંખ્યામાં વૈષ્ણવોએ લીધો હતો.

રાત્રે ૯ કલાકેથી ૧૨ વાગ્યા સુધી સિદ્ધેશ્વર મહાદેવ પાસે પાર્ટી પ્લોટ પર મનોરથી તરફથી ફાગ રાસ નો કાર્યક્રમ વડોદરાથી આવેલ કિર્તનયાજી કલ્યાણરાયજી મંદિરની પાર્ટીના સથવારે રાખવામાં આવ્યો હતો. ગુલાલ કે રંગને બદલે આશરે ૨૫૦ કિલો ગુલાલની પાંખડીઓ દ્વારા પૂ.શ્રી વલ્લભબાવાશ્રીની હાજરીમાં સ્વંયના ઉત્સાહ-આનંદથી વૈષ્ણવોના અતિ ઉત્સાહથી આ કાર્યક્રમ બાલાસિનોરના ઈતિહાસમાં પ્રથમ વખત ઉજવાયો હતો.

તા.૯-૩-૦૮ના રોજ સવારે ૧૦ કલાકે ગોલવાડની શેરીમાં શ્રી રાજેશ શાન્તિલાલ કડકીઆના નિવાસસ્થાનેથી શ્રી મદન મોહનજીની પાલખી યાત્રાનો પ્રારંભ થયો હતો. બે વર્ષ પોતાના નિવાસ સ્થાને શ્રી ઠાકોરજીને પધરાવી વિદાય શ્રી રાજેશ કડકીઆ અને તેમના કુટુંબીજનોએ આપી હતી.

૧૦ કલાકે આરંભ થયેલી શોભા યાત્રામાં મનોરથીએ ખાસ અમદાવાદથી મંગાવેલ હાથીની સવારીએ સૌનું આકર્ષણ જમાવ્યું હતું. શોભાયાત્રામાં એક હાથી, ચાર ઉંટગાડી, પાંચ ઘોડા, બેન્ડવાજા, શ્રી વલ્લભબાવાથી બિરાજમાન બગી, ઉપરણાં ધારણ કરેલ વૈષ્ણવો, કેસરી-લાલ સાડીમાં સજ્જ થયેલી બહેનો-કળશ સાથે-શોભા વધારી હતી. માનવ મહેરામણથી ઉભરાતી આ શોભાયાત્રા મોટા મંદિર, રામજી મંદિર, પટેલવાડા, નિશાળના ચોક, ધારીઆવાડ થઈ આશરે ૧૨.૩૦ કલાકે ગોલવાડ શેરીમાં નવનિર્માણ થયેલ મંદિરમાં પ્રવેશી ત્યારે વૈષ્ણવોના ઉત્સાહની કોઈ સીમા ન હતી. વ્યવસ્થાની વિકટ પરિસ્થિતિ યોજનાપૂર્વક સફળ બનાવવામાં સ્થાનિક મિત્રોએ સુંદર ફાળો આપ્યો હતો.

નૂતન મંદિરમાં શ્રી ઠાકોરજીના પ્રવેશના આનંદનું વર્ણન કરવું અશક્ય છે. ૧૯૬૯માં મોટા મંદિરમાં ઉજવાયેલ પાટોત્સવ બાદ બાલાસિનોરના વૈષ્ણવોને આ એક અનેરો લાભ મળ્યો હતો.

બપોરના બે વાગે મનોરથી તરફથી કુંજવારો

રાખવામાં આવ્યો હતો. ઉત્તમ વ્યવસ્થાનો સંપૂર્ણ યશ શ્રી મયંક (ટીનુ) ચોકસીના નેતૃત્વ હેઠળની સ્થાનિક કાર્યકર્તાઓની મહેનતને જાય છે.

તા.૧૦-૩-૦૮ના રોજ સવારે ૧૧ વાગે પૂ.શ્રી વલ્લભબાવાશ્રીના હસ્તે દાતાઓનું ઉપરણા, મોમેન્ટો, બુકલેટ અને પ્રસાદ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યુ હતુ. સમયના અભાવે ટ્રસ્ટીઓ, દાતાના સંબંધીઓ અને સ્થાનિક કાર્યકર મિત્રોનું બહુમાન કરવાનું શક્ય બન્યુ ન હતું, તેનો રંજ રહી ગયો.

બપોરના ૧.૩૦ કલાકે નંદ ઉત્સવ આનંદપૂર્વક ઉજવાયો. સાંજે ૬ કલાકે પૂ. શ્રી વલ્લભબાવાશ્રીની વિજય યાત્રા મોટા મંદિર સુધી કાઢી ખૂબજ ભાવ આદરપૂર્વક પૂજ્યશ્રીને વિજય (વિદાય)આપવામાં આવી. સમગ્ર રીતે બધા માંગલિક પ્રસંગોમાં મોટા પ્રમાણમાં વૈષ્ણવોની હાજરી, સૌ કાર્યકરોની અથાગ મહેનત, વ્યવસ્થિત આયોજન મુખ્યાજીના સહકાર અને સંપથી સફળતા પ્રાપ્ત થઈ.

આ પ્રસંગે પ્રગટ થયેલ પુસ્તિકા સૌ દાતાઓ, મહેમાનો વડિલો અને વૈષ્ણવોને આપવામાં આવી હતી. આ પુસ્તિકા જેમણે ન મળી હોય અને જોઈતી હોય તો શ્રી રજની કડકીઆ(લટકારી)નો સંપર્ક સાધવો, સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે.

## શ્રીમતી મણીબેન રમણલાલ મોદી પુસ્તક યોજના

આ વર્ષે જે વિદ્યાર્થીઓએ નવા પુસ્તકો લેવા હશે તો આગળના વર્ષના બધા જ પુસ્તકો પાછા આપવાના રહેશે. ગતવર્ષના પુસ્તકો પાછા નહી આપનારને નવા વર્ષના પુસ્તકો આપવામાં આવશે નહી.

*સંયોજક - મંજુલ ધારીઆ*

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન ઉપયુક્ત મંડળને નીચે મુજબ દાન વચન પ્રાપ્ત થયેલ છે.

૧ શ્રી પ્રફુલભાઈ મોહનલાલ ધારીઆ
રૂા. ૨૫,૦૦૦/-

૨ સાવિત્રીબેન કાંતિલાલ કડકીઆ (હસ્તે : તેમની પુત્રીઓ દિવ્યાબેન, અંજુબેન તથા મીનાબેન તરફથી)
રૂા. ૨૫,૦૦૦/-

૩ શ્રીમતી કુસુમબેન નટવરલાલ મહેતા (પડાલવાળા)
રૂા. ૧૧,૦૦૦/-

૪ શ્રીમતી મણીબેન ચીમનલાલ કડકીઆ (ફાડીઆ)ની પુણ્ય સ્મૃતિ નિમિત્તે તેમના પૌત્ર સમીત રવિન્દ્ર કડકીઆ તરફથી
રૂા. ૨૫,૦૦૦/-

મંડળની કારોબારી સમિતિના સર્વે સભ્યો તેમજ ટ્રસ્ટીઓ ઉપરોક્ત દાન/ન્યાસફંડ બદલ દાતાઓનો હાર્દિક આભાર માન છે.

*- અસતી રમેશચંદ્ર દેસાઈ*

*- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ), માનદ્ મંત્રીઓ*

## બાલાસિનોર નવયુવક સંઘ જાહેરખબર

બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસ માટે પાર્ટ/ફુલ ટાઈમ ભાઈની તુરંત જરૂર છે.

*સંપર્ક :*

**શીરીષ પરીખ - મો. - ૯૮૬૯૧૬૩૩૦૫**

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ દાતાઓનો સન્માન સમારંભ

તળાવ દરવાજે આવેલ લાયન્સ કમ્યુનિટી હોલમાં મંગળવાર તા.૧૧ માર્ચ ૨૦૦૮ના દિને સવારે ૧૦.૦૦ કલાકે ઉપર્યુક્ત મંડળને એક લાખ કે તેથી વધુ દાન આપનાર દાનવીરોને સન્માનવાનો સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે બાલાસિનોર કોલેજના પ્રથમ આચાર્ય શ્રી વિનોદભાઈ અધ્વર્યુ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું' પ્રાર્થનાથી પી.વી.વિદ્યાલયની બહેનોએ કર્યો. ત્યારબાદ દીપ પ્રાગટ્ય અતિથિવિશેષ શ્રી વિનોદભાઈ અધ્વર્યુ દ્વારા મંડળના હોદ્દેદારો સાથે મળી કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી.

બરાબર દસ વાગ્યાના નિયત સમયે શરૂ થયેલ કાર્યક્રમમાં શાળા પરિવારની વિદ્યાર્થી બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી હાજર પ્રેક્ષક ગણના મન મોહી લીધાં પી.વી. વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ સમયને અનુરૂપ 'હોલિયામેં ઉડે રે ગુલાલ' અને 'ઢોલી તારો ઢોલ વાગે' ગીતોથી વાતાવરણને ઉમંગ-ઉલ્લાસથી ગૃપ તથા કપલ ડાન્સ રજૂ કર્યો જે.વી.દેસાઈ ઉચ્ચ પ્રાથમિક શાળાએ મનોહર નૃત્ય સ્ટેજ પર પેશ કર્યું.

હાજર સૌ નાગરિકોનું સ્વાગત કરતાં શાળા સમિતિના ચેરમેન શ્રી મણીકાન્ત કડકીઆએ જણાવ્યું કે દાતાઓના આવાં સન્માનથી અન્યોને દાન કરવાની પ્રેરણા મળી રહે છે. આ વેળા મંચસ્થ મહાનુભાવો તથા હાજર પ્રેક્ષક સમુદાયનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું સંદેશાવાચન મંત્રી શ્રી ચંદ્રકાન્ત દેસાઈએ કર્યું.

દાતાઓનું સન્માન સ્મૃતિચિહન અર્પી, શાલ ઓઢાડી કરવામાં આવ્યું, જે નીચે મુજબ છે :-

૧) ઓચ્છવલાલ નાથજીભાઈ એન્ડ મણીગૌરી ઓચ્છવલાલ શેઠ ચેરીટેબલ ટ્રસ્ટવતી સૌ કુટુંબજનોના પ્રતિનિધિ શ્રી પ્રફુલ્લ શેઠ.
૨) મંજુલાબેન જયંતીલાલ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ
૩) રસિકલાલ રમણલાલ કડકીઆ (આર.આર.)
૪) પ્રકાશ મંગળદાસ ધારીઆ (માટલી)
૫) વસંત શાંતિલાલ પરીખ (કુવાવાળા)
૬) નવીનચંદ્ર ચીમનલાલ શાહ-કલકતાવાળા

ઉપરોક્ત તમામ દાતાઓનો પરિચય પ્રવકતા શ્રી પ્રવીણ દેસાઈએ કરાવ્યો.

માનનીય ધારાસભ્ય શ્રી માનસિંહ ચૌહાણે ઉદબોધન કરતાં કહ્યું, અહીં વતન પ્રત્યેનો પ્રેમ તેમાંય સવિશેષ શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રમાં દ્દષ્ટિગોચર થાય છે. દાનના પ્રવાહ નિત્ય વહેતો જ રહે છે.

અતિથિવિશેષ શ્રી વિનેદભાઈ અધ્વર્યુએ પ્રાસંગિક પ્રવચનમાં કહયું કે, અહીં યજ્ઞમાં દાનની આહુતિથી વતનનો સર્વોત્તમ વિકાસ તેમજ ઉદાર ભાવના જોવા મળે છે. તેમણે વધુમાં જણાવ્યું મારું વાડાસિનોર આપણું વાડાસિનોર-૧૮ વર્ષ થયાં આ વાત હજુ ભુલાતી નથી. આપણા ધારાસભ્ય માનસીંગ ચૌહાણ પ્રથમ બેચના વિદ્યાર્થી. આપણી પાસે જે વૈભવ છે તે ઐશ્વર્ય - ઈશ્વરે દાતાઓને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યા છે. તેમને નમસ્કાર.

આજના સમારંભના અને મંડળના પ્રમુખ શ્રી નવનીતલાલ ધારીઆએ શાળાના રીનોવેશન માટે દાન આપનાર તમામ દાતાઓનો આભાર માની શાળાઓ અંગેની માહિતી આપી હતી.

આ પૂર્વ અતિથિવિશેષનો પરિચય કોલેજના ગુજરાતી વિભાગના વડા, પ્રો.નટુભાઈ વાળાએ કરાવ્યો હતો.

દાતાઓ વતી શ્રી પ્રફુલ્લભાઈ શેઠે પ્રતિભાવ આપતાં કહયું કે, ઉદ્દાત ભાવનાથી આપણી શાળામાં જ અર્પણ કર્યુ છે. ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલના નવીનીકરણમાં શેઠ કુટુંબના ભાઈ-બહેનો વગેરે સમગ્ર પરિવારે માતબર દાન આપ્યું છે. વળી હજુ સમયની જરૂરિયાત હશે તો તે પૂરી કરવા અમે વચનબધ્ધ છીએ. આભારવિધિ અને રાષ્ટ્રગીતગાન બાદ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન શ્રી પ્રવીણ દેસાઈ કર્યું હતું.

**મંડળને આ પ્રસંગે મળેલ દાન :**

**૧) મધુબેન નટવરલાલ પરીખ(ડાબલી) ૧,૦૦,૦૦૦/- અંકે એકલાખનું વચન મળ્યું છે.**

**૨) લીલાબેન કિરીટકુમાર કડકીઆ(ફાડીઆ) ૧૧,૦૦૦/- ન્યાસફંડમાં પ્રાપ્ત થયા છે.**

## પ્રેમમૂર્તિ શશીભાઈ (સ્મૃતિ ગ્રંથ)

શ્રી બાલાસિનોર કોરોનેશન હાઈસ્કુલના ભૂતપૂર્વ આચાર્ય તથા સ્વાતંત્રય સેનાની શ્રી શશીકાંત ચંદુલાલ કડકીઆનો સ્મૃતિગ્રંથ December 2008 પહેલા તેમનાં સ્વજનો મિત્રો તથા વિદ્યાર્થીઓ, પ્રકાશિત કરવા માંગે છે તો તમારા સંસ્મરણો તથા તેમની સાથેના ફોટાઓ નીચેના સરનામે મોકલી આપશો.

**રસિકલાલ ચંદુલાલ કડકીઆ.**
**B/43 તારાબાગ, રાજા રામમોહનરાય રોડ,**
**મુંબઈ -૪, ફોન નં. ૨૩૮૫૬૧૭૦.**

## મુકતકો :-

**(નોંધ :- જાણીતા તત્વચિંતક શ્રી ગુણવંત શાહના પુસ્તક 'ભગવાનની ટપાલ'ના વિચારોના આધારે)**

માનવી જ્યાં જ્યાં જુએ ત્યાં દિવ્યતાનો વાસી છે,
નવજાત શિશુના નયનમાં કે પતંગિયામાં વાસ છે,
હોય જો ના સ્વચ્છ હૈયુ, કે સ્વભાવમાં ઋજુતા,
લાખ યત્નો છોકરો, દિવ્યાનુભૂતિ થાય ના.

પામવા હોય રામ-કૃષ્ણ, ઋજુતા જીવનમાં જોઈએ,
અવર સામે જેવા હોઈએ, તેવા ઉપસ્થિત થઈએ,
કોઈ વાતે કપટ કે દિલમાં ન ચોરી લાવીયે,
શબરી, અર્જુન, ગૌ, સુદામા, જેવુ જીવન જોઈએ.

માનવી જીવન મહી દુઃખો તણી વણઝાર છે,
દુઃખોના ચલચિત્રમાં, મધ્યાંતરે સુખ હોય છે,
મર્યાદા પુરૂષોત્તમ રામ જીવન, પણ દુઃખોથી છે સભર,
કરૂણા, ઉપેક્ષા, મૈત્રી, મુદિતાથી, દુઃખો દૂર થાય છે.

ભગવાનની ટપાલ માનવને સતત મળતી રહે,
અંતરાત્મા-માહ્યલાના અવાજથી વંચાયતે,
હોય ના જોયો કે જાણ્યો, માનવે પ્રેક્ષક છતા,
રાત-દિન અહુર્નિશ કૃપા, વરસાવતો છે તે દિસે.

દાનનો મહિમા વધ્યો છે લોભના જનમ પછી,
અનાસક્તિની મહત્તા છે વધી, મોહના થકી,
ત્યાગની બોલબાલા વધી છે, ભોગના અતિરેકથી,
પુણ્ય કરતા થાય અધીરા, પાપના ઉદય પછી.

નભમાં ખિલેલ ઉષા ને સંધ્યા, ઈશ્વરનું ચિત્રકામ છે,
વહેતા નદીના વહેણમાં, કરૂણા વહેતી વરતાય છે,
વાદળોની ગર્જનામાં, સાદ સંભળાય ઈશ તણો,
બરફ આચ્છાદિત ગિરિ પર, ધ્યાનસ્થ શિવ દેખાય છે,
વૃક્ષનાપર્ણો ઉપરને પ્રેમાળ માતની દૃષ્ટિમાં,
જ્યાં જ્યાં નજર મારી પડે, અણસાર ઈશનો થાય છે.

*- સતીશચંન્દ્ર ભી. પરીખ (રોકડીયા)*

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

શ્રી કે.એમ.જી જનરલ હોસ્પિટલ બાલાસિનોર મુકામે તા. ૧૪-૩-૦૮ના રોજ દાતાઓનો સન્માન સમારંભ યોજવામાં આવેલ. આ સમારંભમાં પૂ. મા.શ્રી.શ્રી. અનંતાનંદતીર્થ આશિર્વચન આપવા પધારેલ તેમજ અતિથી વિશેષ તરીકે શ્રી રાજેશભાઈ જી. પાઠક (માજી ધારાસભ્યશ્રી) હાજર રહ્યા હતા. ટ્રસ્ટને પ્રોત્સાહીત દાન આપનાર સખાવતી દાતાઓ

૧) શ્રી નવિનચંદ્ર ચિમનલાલ શાહ
૨) શ્રી લતાબેન જશવંતભાઈ પરીખ
૩) શ્રી વિનોદચંદ્ર મણીલાલ શાહ (નગરશેઠ)
૪) શ્રી દિપકભાઈ કાંતીલાલ દોશી
૫) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ
૬) શ્રીમતી તરૂબેન અને અનુબેન શેઠ
૭) શ્રી સુધિરભાઈ મોહનલાલ કડકીઆ(મરઘા)
૮) શ્રી હાજી અબ્દુલગની હાજી ઈસ્માઈલભાઈ શેખ (જનોડવાળા
(ચેરમેનશ્રી બાલાસિનોર રોડ ટ્રા.કો.ઓ.સો.લી.)
૯) શ્રી હાજી ઈસ્માઈલભાઈ હાજી મહંમદભાઈ શેખ
૧૦) શ્રીમતી રેખાબેન કીશોરકુમાર ત્રિવેદી (એડવોકેટ)
૧૧) શેખ અબ્દુલસત્તાર ઈસ્માઈલભાઈ(લાલ) ( ચેરમેનશ્રી બાલાસિનોર વિકાસ કો.ઓ.સો.લી.)નું પૂ. મા.શ્રી.શ્રી. આનંદાનંદ તીર્થ ના વરદ હસ્તે શાલ ઓઢાડીને તેમજ પ્રમુખશ્રી નવિનચંદ્ર ચિમનલાલ શાહના વરદ હસ્તે મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવેલ.

બાલાસિનોર સેવા સમાજ ટ્રસ્ટને પ્રોત્સાહીત દાન આપનાર શખાવતી દાતાઓ૧) શ્રી કોકીલાબેન જયંતીલાલ કડકીઆ (ગ્રીન્સ ફાઉન્ડેશન) ૨) શ્રી કૌશિકભાઈ પુનમચંદ પરીખ (રોકડીઆ) ૩) શ્રી કોકીલાબેન બિપીનચંદ્ર ઝવેરી નું પૂ. મા.શ્રી.શ્રી. અનંતાનંદ તીર્થ ના વરદ હસ્તે શાલ ઓઢાડીને તેમજ પ્રમુખશ્રી નવિનચંદ્ર ચિમનલાલ શાહના વરદ હસ્તે મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવેલ.

*મંત્રીઓ - ધીરૂભાઈ શેઠ રાજેન્દ્ર દેસાઈ*

# કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં તા. ૧૪-૩-૦૮ના રોજ યોજેલ સન્માન સમારંભમાં નીચેના દાતાઓના વચન મળેલ છે.

| ક્રમ | નામ | રકમ |
|---|---|---|
| ૧ | સુભદ્રાબેન નવિનચંદ્ર શાહ (કલકતાવાળા) ની સ્મૃતિમાં<br>હ.નવિનચંદ્ર ચીમનલાલ શાહ તથા નીરંજનભાઈ ચીમનલાલ મોદી | ૧૦૦૦૦૦૦.૦૦ |
| ૨ | મોહીતકુમાર અને મીનાક્ષીબેન કાંતીલાલ મહેતા તરફથી | ૫૦૦૦૦૦.૦૦ |
| ૩ | શ્રી હાજી મહંમદ અયાઝ હાજી અબ્દુલ મુનાફ શેખ (દેવવાળા) તરફથી<br>મર્હુમ હાજી ઈસ્માઈલભાઈ ઈસાભાઈ શેખ તથા મર્હુમા હજીયાણી મરીયમબેન ઈસ્માઈલભાઈ શેખના સ્મરણાર્થે તેમના પુત્રશ્રી હાજી અબ્દુલમુનાફ હાજી ઈસ્માઈલભાઈ શેખ (ઢોલકી) તરફથી | ૧૦૧૭૮૬.૦૦ |

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

| | | |
|---|---|---|
| ૪ | શ્રીમતી શાન્તાલક્ષ્મી ચીમનલાલ દેસાઈ હ.શ્રી ચંદ્રકાંત ચીમનલાલ દેસાઈ (સોજીત્રાવાળા) | ૧૦૦૦૦૦.૦૦ |
| ૫ | ઈચ્છાબેન ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) મોબાઈ વિભાગના નિભાવ અને વિકાસ માટે ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ તરફથી | ૧૦૦૦૦૦.૦૦ |
| ૬ | મધુબેન અને બાબુલાલ સાંકરલાલ મોદી(ટોટા) મુંબઈ તરફથી | ૧૦૦૦૦૦.૦૦ |
| ૭ | જયશ્રી વ્રજેશ દેસાઈ | ૧૦૦૦૦૦.૦૦ |
| ૮ | ગં.સ્વ. નિર્મળાબેન ગજાનંદ પાઠક હ.શ્રી રાજેશ ગજાનંદ પાઠક | ૧૦૦૦૦૦.૦૦ |
| ૯ | શ્રીમતી નિશા જતીન દેસાઈ | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૦ | શ્રીમતી શર્મિષ્ઠાબેન રજનીકાંત કડકીઆ (ચોકસી) હ. શ્રી મયંકકુમાર રજનીકાંત ચોકસી | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૧ | શ્રી સ્વ. શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) હ. કૌશિકભાઈ શાંતિલાલ ચોકસી | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૨ | સ્વ. ઈંદીરાબેન રજનીકાંત શાહ તથા શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૩ | શ્રીમતી મીના જયપ્રકાશ કડકીઆ (જે.પી.) | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૪ | હજીયાણી કુલસુમબેન અબ્દુલગની શેખ હ.હાજી અબ્દુલ ગની એમ.શેખ (ડીસવાલા)નો સહ પરીવાર | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૫ | સ્વ. નટવરલાલ ચંદુલાલ કડકીયા (વડદલાવાળા)ના સ્મણાર્થે હ.નટરવલાલ એન્ડ કંપની પૂના | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૬ | સ્વ. ડો.પી.પી. પટેલના સ્મરણાર્થે (સર્વોદય હોસ્પિટલ) હ.ડો. અમિત પી. પટેલ | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૭ | સ્વ. ઓચ્છવલાલ છોટાલાલ મોદી(ઠાસરાવાળા) હ. તેમના સુપુત્રો પરિવાર તરફથી | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૮ | શ્રી રજનીભાઈ સાંકરલાલ ધારીઆ (માટલી) | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૯ | શ્રીમતી કપીલાબેન રાવજીભાઈ પટેલ | ૨૫૦૦૦.૦૦ |
| ૨૦ | શ્રીમતી આશઆબેન ધીરૂભાઈ શેઠ તથા રીટાબેન ગોપાલભાઈ શેઠ (અત્તરવાળા) | ૨૫૦૦૦.૦૦ |
| ૨૧ | શ્રીમતી સાવિત્રીબેન અને ડો. કાંતીલાલ ચંદુલાલના પરિવાર તરફથી | ૨૫૦૦૦.૦૦ |
| ૨૨ | શ્રી પ્રફુલચંદ્ર મોહનલાલ ધરીઆ | ૨૫૦૦૦.૦૦ |
| ૨૩ | શ્રીમતી અમી અશ્વિન હ. નીતિન જયંતીલાલ પરીખ | ૨૫૦૦૦.૦૦ |
| ૨૪ | શ્રીમતી પ્રેરણા પરેશ પરીખ (દુધવાળા) | ૨૫૦૦૦.૦૦ |
| ૨૫ | શ્રી રાજુલ મોહનલાલ (લાય) સાધનદાન (ટીવી ડીવીડી માટે) | ૧૧૦૦૦.૦૦ |
| ૨૬ | બાલાસિનોર દુધ ઉત્પાદક સરકારી મંડળ લી. હ. જયંતીભાઈ ફુલાભાઈ પટેલ | ૫,૦૦,૦૦૦ |
| | **Total** | ૩૭,૬૨,૭૮૬-૦૦ |

**ઓપરેશન મિતી યોજના હેઠળ રૂા. ૭૫૦૦/-ના દાન માટે નીચેના વધુ દાતાઓના વચન મળેલ છે.**

| ક્રમ | નામ | રકમ |
|---|---|---|
| ૧ | પ્રવિણચંદ્ર લલ્લુભાઈ કચેરીયા | ૭૫૦૦ |
| ૨ | લવ-કુશ દિલીપકુમાર પરીખ(રોકડીયા) | ૭૫૦૦ |
| ૩ | રસિકલાલ ચિમનલાલ પરીખ(રોકડીઆ) | ૭૫૦૦ |
| ૪ | કલ્પના રસિકલાલ પરીખ(રોકડીઆ) | ૭૫૦૦ |
| ૫ | ભગીરથ નટવરલાલ દોશી | ૭૫૦૦ |
| ૬ | હરેન્દ્ર ચિમનલાલ મોદી | ૭૫૦૦ |
| ૭ | પૂર્વી અમીત ગાંધી | ૭૫૦૦ |
| ૮ | બીપીનચંદ્ર ભીખાલાલ કડકીઆ(ફાડીઆ) | ૭૫૦૦ |
| ૯ | સ્મૃતિ નિશિતકુમાર શાહ(હાથીખાનાવાળા) | ૭૫૦૦ |
| ૧૦ | સ્ટેલા સંજયકુમાર શાહ( હાથીખાનાવાળા) | ૭૫૦૦ |
| ૧૧ | કરણ રાજુલભાઈ પરીખ (લાય) | ૭૫૦૦ |
| ૧૨ | મંથન રાજુલભાઈ પરીખ (લાય) | ૭૫૦૦ |
| ૧૩ | નીકુંજ મહેન્દ્ર ઠાકોર | ૭૫૦૦ |
| ૧૪ | સ્વ. લક્ષ્મીબેન છોટાલાલ પ્રજાપતી - હ.શ્રી અશોકભાઈ પ્રજાપતી | ૭૫૦૦ |
| ૧૫ | કાશીબેન મગનભાઈ પટેલ હ. જયંતિભાઈ મગનભાઈ પટેલ | ૭૫૦૦ |
| ૧૬ | અશિત નવીનલાલ દેસાઈ (દેડકી) | ૭૫૦૦ |
| ૧૭ | સ્વ. મંજુલાબેન બાબુભાઈ કડકીઆ - હ.ઈલાબેન ભૂપેન્દ્ર કડકીઆ (ઓટલાવાળા) | ૭૫૦૦ |
| ૧૮ | ઈંદીરાબેન રજનીકાંત કડકીઆ (લટકારી) | ૭૫૦૦ |
| ૧૯ | શકુંતલાબેન સુરેન્દ્ર બાબુલાલ ગાંધી | ૭૫૦૦ |
| ૨૦ | વિણાબેન કીરીટકુમાર ધારીઆ | ૭૫૦૦ |
| ૨૧ | પ્રફુલાબેન નિતીનભાઈ દેસાઈ (નાગર) | ૭૫૦૦ |
| ૨૨ | જીતેન્દ્ર કિર્તનલાલ શાહ (વસનજી) | ૭૫૦૦ |
| ૨૩ | શર્મિષ્ઠાબેન હર્ષદકુમાર ગાંધી | ૭૫૦૦ |
| ૨૪ | સોહીનીબેન યોગેશકુમાર કડકીઆ | ૭૫૦૦ |
| ૨૫ | સ્વ. બેચરભાઈ શંકરભાઈ પટેલ (ટેકરાવાળા) હ. શાંતાબેન પરિવાર | ૭૫૦૦ |
| ૨૬ | નિશા આનંદ ભાગવત હ. સેમીલા શરદ દેશાઈ | ૭૫૦૦ |
| | | **કુલ ૨૦૨૫૦૦** |

આ સાથે કુલ ૩૭૭ મિતી નોંધાયેલ છે.

# જુની પેઢીની વ્યથા

## (એક અવલોકન)

***''મા બાપ બાળકને બોલતાં શીખવે છે.
સંતાનો મા-બાપને શીખવે છે ચૂપ રહેવાનું.''***

કહેવત દ્વારા માનવીય સમાજ વતી જાણે કે સમગ્ર સમાજ બોલે છે કહેવત એટલે શાણપણની સંહિતા. થોડામાં ઘણું કહેવાની કળા.

નવી પેઢી અને જૂની પેઢીને સંઘર્ષ નવી વાત નથી. પુરાતનવાત છે. કદાચ સનાતન વાત છે. સંઘર્ષના તણખાં ઝરે એની સામે કોઈ વાંધો નથી, પણ એ તણખાંમાંથી ભડકો થાય ત્યારે ચિંતા. સંઘર્ષમાંથી સમજણ ઉદ્‌ભાવી શકે. જો બન્ને વચ્ચેની બારી ખુલ્લી હોય, નવી પેઢીને જૂની પેઢી પછાત લાગે છે. બંન્નેના ઉછેરને અનુભવને વાતાવરણ જુદુ મળ્યું છે એનુ આ પરિણામ છે. નવી પેઢીની પાસે જૂની પેઢીની વાતને સાંભળવા માટે નથી કાન કે નથી સમય. આમાં ક્યાંક અપવાદ હશે એની ના નહી, પણ સામાન્ય પરિસ્થિતિ એવી છે કે જૂની અને નવી પેઢી વચ્ચે ન પૂરાઈ શકે એવી ખાઈ ઉભી થતી હોય છે. પોશાક, ખોરાક, વ્યવહાર અને વર્તનમાં બંન્ને પેઢી વચ્ચે ખૂબજ તફાવત છે. આ બધાનો સપાટી પરના ભેદ છે. સંયુક્ત કુટુંબો લગભગ ભાંગી ગયા છે. મુંબઈ જેવા શહેરમાં બાપ-દીકરા એકજ છાપરા તળે જીવે છે. એમા સહજીવનની ભાવના કરતા લાચારી વિશેષ હોય છે. ઘરમાં વૃધ્ધ માણસ વ્યક્તિની જેમ નહી નકામી ચીજની જેમ પડી રહે છે. જતાં આવતા કોઈ જોતુ પણ નથી. ઘરમાં ફ્લાવરવાઝને એક સ્થાન છે, પણ જેણે આખો વંશનો બગીચો ઉછેર્યો લોહી રેડીને, એનું કોઈ સ્થાન, માન નહીં. માનની વાત તો બાજુએ રહી પણ એનુ હડહડતુ અપમાન. મારા જાણવામાં આવ્યું છે કે એક પરિવારમાં દીકરાના મિત્રોની પાર્ટીમાં મા-બાપને કહી દેવામાં આવ્યું કે તમે એકજ રૂમમાં બેસજો. બધાની સામે ન આવતા.

મા-પરાણે પગ ઘસડતી મંદિરમાં જતી હોય અને દીકરાની ગાડી સડસડાટ કરતી બાજુમાંથી પસાર થઈ જાય એ દ્રશ્ય ને કેવું કહીશું ? બેવડ વળીવળીને દીકરો અને એના મિત્રો ડ્રોંઈગ રૂમમાં હસતા હોય અને ઓચિંતો ઘરના વડીલ માટે ફોન આવે ત્યારે એમ કહેવાય કે અત્યારે તો એ સૂઈ ગયા છે અને આ રીતે એમના ફોન ને પણ ટાળવામાં આવે છે. આ પરિસ્થિતિને આપણે શું કહીશું ? ?

નવી પેઢીને પણ એના પ્રશ્નો હશે જ હશે, બધે જ આ અને આવું છે એવુ કહેવાનો અર્થ નથી પણ આવુ નથી જ એમ કહીને ઢાંકપિછોડો કરવાનો પણ હેતુ નથી.

---

## આવરણ શાના માટે ?

- કાળજાના 'ઘા'ને વખતે રૂધિરના આવરણ શાને ?
- પ્રણયના સબંધોને વળી દંભના આવરણ શાના ?
- દિલના જખ્મોને વળી દિલાસાના આવરણ શાના ?
- માયાના બંધનો ને વળી મમતાના આવરણ શાના ?
- અનુકંપાના ભાવને વળી કરુણાના આવરણ શાના ?
- રૂપાળા મુખડાને વળી પાલવના આવરણ શાના ?
- ખીલેલા ફૂલને વળી ખુશ્બોના આવરણ શાના ?
- જીવન સંગીતને વળી વાજિત્રંના આવરણ શાના ?
- જુવાનીના જોમને વળી ઉંમરના આવરણ શાના ?
- સ્વાસ્થયના નિયમને વળી ઉપવાસના આવરણ શાના ?
- માનવીની સિધ્ધી ને વળી પ્રસિધ્ધી ના આવરણ શાના ?

–અને છેલ્લે—

- પ્રભુની ભક્તિને વળી નૈવેધના આવરણ શાના ?

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) **ગોપાલદાસ ગોકુલદાસ પરીખ (સુબા)**
સી/૪૪ ગોપાલ વિહાર, પહેલા માળે,
શગુન હોટલની સામે, એલ.એમ. રોડ,
નવાગાંવ, દહિંસર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮.
ફોન : ૨૮૯૨ ૪૯૯૧.

૨) **સુધીર આર. ગાંધી**
૨૦૪, શ્રી દ્વારકાધિશ બિલ્ડીંગ, રોડ નંબર-૨,
ઈરાની વાડી, પંચમ બિલ્ડીંગની સામે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.

૩) **સમીર રમેશ શાહ**
શિવ દર્શન, સત્યનગર કો.ઓ.હા.સોસાયટી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.

૪) **પરીખ રજનીકાંત મણીલાલ**
ઝાલાવાડ દર્શન, મજેઠિયા પાર્ક, આચોલે રોડ,
નાલાસોપારા (ઈસ્ટ), - ૪૦૧૨૦૩. જી.-થાણે

૫) **સૌમીલ આર. પરીખ**
બ્લુ ઓએસીસ-૧, 'એ' વિંગ,
ફ્લેટ નંબર-૩૦૨, ત્રીજે માળે,
મહાવીર નગર લીંક રોડ, બ્લુ એમ્પાયર કોમ્પ્લેક્ષ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.

૬) **જયેશ રજનીકાંત દોશી**
૩૮૮-એ, કૃષ્ણ નિવાસ, રૂમ નંબર-૩૫,
૪ થે માળે, જગન્નાથ શંકર રોડ,
ચીરા બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

૭) **સંજય રસીકલાલ શાહ (મલમ)**
મહેન્દ્ર કૃપા, મોટવાની રોડ, અથર્વ બિલ્ડીંગની સામે,
દત્ત મંદિર, નાશીક - ૪૨૨૧૦૧.
ફોન : (ઘર) ૯૫૨૫૩-૨૪૬૦૨૫૪
મોબાઈલ : ૦૯૪૨૩૦૮૫૪૩૬

૮) **શ્રેયસ રસીકલાલ શાહ (મલમ)**
૧૩૨, શત્રુંજય ટાવર, નાયગાવ ક્રોસ રોડ,
દાદર (ઈસ્ટ), મંબઈ - ૪૦૦ ૦૧૪
ફોન (ઘર) ૨૪૧૫૫૧૨૪
મોબાઈલ - ૯૨૨૩૩૯૩૬૧૯

૯) **કીરીટ કીર્તનલાલ કડકીઆ (ઘંગેલા)**
સી-૫૦૨, ઈન્દ્રપ્રસ્થ - ૩,
ધનંજય બંગલાની નજીક,
શ્યામલ ક્રોસ રોડ, સેટેલાઈટ,
અમદાવાદ - ૩૮૦૦૧૫
ફોન : ૦૭૯ - ૪૦૦૬૫૫૪૩

૧૦) વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી)
આશીષ વિરેન્દ્ર ગાંધી (સુરતી)
એ-૨૦૬, પૂર્ણિમા એપાર્ટમેન્ટ,
બીજે માળે, પેડર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬
ફોન : ૨૩૫૪૬૦૬૩ - ૨૩૫૪૨૧૬૫

## નવા ફોન નંબર

**ચંદ્રીકા શીરીષ કડકીઆ (મલમ)**
✆ : (ઘર) ૪૦૧૧૨૦૪૭ - ૨૨૯૩૭૭૪૬

## મૃત્યુ નોંધ

ચીમનલાલ કોદરલાલ શાહ (ઓહડી) ૮૭
પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત
# જ્યોતિ પુંજ
એપ્રિલ- ૨૦૦૮’
છુટક નકલ રૂા. ૧/-

# જગતમાં ત્રણ પ્રકારના માણસો હોય છે

## ગુલાબના છોડ જેવા :

ગુલાબના છોડને ફૂલ જ આવે ફળ ન આવે.
સમાજમાં કેટલાંય લોકો એવાં હોય છે જે બોલતાં જ હોય છે.
કાંઈ કરતાં નથી. કેવળ ફૂલ-ફળ નહી.

## આંબાના વૃક્ષ જેવા :


આંબાને મોર પણ આવે ને ફળ પણ આવે.
સમાજમાં કેટલાંય લોકો એવા હોય છે જે બોલે એ કરી બતાવે.

## ફણસના છોડ જેવા :


ફણસના વૃક્ષને ફૂલ નથી આવતાં સીધા ફળ આવે છે.
સમાજમાં અમુક માણસો એવા હોય છે જે બોલતાં નથી,
કાર્ય દ્વારા સમાજને સીધું પરિણામ આપે છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુસ્સ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Fees |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally | 2 months | 1500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| kids course above 9 yrs | 40 hours | 1500 |

આ યોજના માટે સંસ્થામાં આનું ફોર્મ ભરવું ઝરૂરી રહેશે ફોર્મ ની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ચેકથી પાછા આપવામાં આવશે.

**ADDRESS OF TRAINING CENTER SOFTWARE ACADEMY**
15/A Parekhwadi V.P.Road, Mumbai - 400004 - Tel :- 23814915

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI** : Tel :- 22060294/ 22038077 / 9821234306.

**NIKESHI TRADING CO**, : Room No 12/5 1st Floor, Carmellos Building,
63/67 Pathak Wadi, Lohar Chawl, Mmubai-2

*સંપાદક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - શીરીષ પરીખ*